" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "

રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-272 | AD-2025, Ashadh Sud-11 | Sunday, Dt.06-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



# અમરેલીનો
# સૌ પ્રથમ પ્રોપર્ટી એક્સ્પો

**12 & 13 JULY - શનિવાર - રવિવાર**

## INVESTMENT કરવું છે ને?

**તો AHMEDABAD અને GANDHINAGAR થી BEST શું હોઈ શકે**

**2 BHK, 3 BHK, 4 BHK, PENTHOUSE, SHOWROOMS, OFFICE**

**GUARANTEED RETURNS**

SAFFRON FLORA NATURE INSPIRED LIVING

@સરગાસણ ગાંધીનગર



EKAM

@કુડાસણ ગાંધીનગર



SAFFRON Sky

@નિકોલ અમદાવાદ



**DEVELOPER : BHAVIN SOJITRA**

CONTACT US :
+91 85114 92222

LOCATION : Old Market Yard,
Hotel Angel Lords (Banquet Hall)

### શાળામાં બાળકો હોવા છતાં શિક્ષકો ડેલાને તાળું મારી જતા રહ્યા

# ખાંભાની પે-સેન્ટર શાળાના શિક્ષકોની ઘોર બેદરકારી, ૪ બાળકો ફસાયા

**બાળકો ઘરે ન પહોંચતા વાલીઓએ શાળાએ જઈને તપાસ કરતા બાળકો મળી આવ્યા**

અમરેલી,તા.૦૫

ખાંભાની પે-સેન્ટર શાળામાં શિક્ષકોની ઘોર બેદરકારી સામે આવી છે. શાળામાં બાળકો હોવા છતાં શિક્ષકો મુખ્ય દરવાજાને તાળું મારી જતા રહેતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. ખાંભાની પે-સેન્ટર શાળામાં શિક્ષકોને ઘરે જવાની ઉતાવળ હોવાથી કોઈપણ તપાસ કર્યા વગર શિક્ષકો મુખ્ય દરવાજાને તાળું મારી ઘરે જતા રહ્યા હતા.



શનિવાર હોવાથી શાળામાં વિદ્યાર્થીઓને છુટવાનો સમય બપોરના ૧૧ કલાકનો હોય જેથી બાળકો ૧૨ વાગ્યા પછી પણ ઘરે ન પહોંચતા વાલીઓ ચિંતીત થયા હતા અને તપાસ શરૂ કરી હતી. વાલીઓ પે-સેન્ટર શાળાએ પહોંચતા બાળકો દરવાજા પાસે ઉભા હતા અને દરવાજાને બહારથી તાળું મારેલુ હતું. આ ઘટનાથી શિક્ષકોની ઘોર બેદરકારી સામે આવતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

**શાળાએ તપાસ કરતા બાળકો દરવાજે ઉભા હતા**

બાળકોના વાલી મુકેશભાઈ મેવાડાએ જણાવ્યું હતું કે, શાળાની અંદર વાયરીંગનું કામ ચાલુ હતું. કામ પુરૂ થઈ ગયા બાદ બાળકો હજુ શાળામાં જ હતા. જયારે ઘરેથી ફોન આવ્યો કે, બાળકો હજુ ઘરે પહોચ્યા નથી ત્યારે શાળાએ તપાસ કરતા બાળકો દરવાજે ઉભા હતા. આ બાબતે શિક્ષકોને જણાવતા શિક્ષકોએ મારી પાસે ચાવી નથી તેમ જણાવી એકબીજાને ખો આપી હતી.

**શાળાને નોટીસ આપવામાં આવી છે : જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી**

ખાંભાની પે-સેન્ટર શાળામાં શિક્ષકો મુખ્ય દરવાજાને બહારથી તાળું મારી જતા રહેતા ૪ બાળકો શાળામાં ફસાયા હતા. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે બેગલેસ ડે હોવાથી બાળકો શાળાની પાછળ મેદાનમાં રમતા હતા. જો કે શિક્ષકોએ શાળામાં તમામ સ્થળોએ તપાસ કરવાની જરૂર હતી પરંતુ શિક્ષકોએ તપાસ કરી નહી. આ ગંભીર બેદરકારી હોવાથી શાળાને નોટીસ પાઠવવામાં આવી હોવાનું જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

## વડીયાના મોટા ઉજળા ગામનો યુવક સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો

વડીયા, તા.૦૫

વડીયાના મોટા ઉજળા ગામનો યુવક એક સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હતો. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ જતિન ઉર્ફે જીગો બાબુભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેની દીકરી સગીર વયની છે તેવું જાણતો હોવા છતાં લલચાવી ફોસલાવી અને લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

## લીલીયામાં ઉમિયા મંદિરે ૨૦મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

લીલીયા,તા.૦૫

અંધત્વ નિવારણ હેતુસર લીલીયામાં ઉમિયા મંદિરે ૨૦મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ગુરુવારે યોજાયો હતો. આ કેમ્પનું આયોજન શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ, સુદર્શન



નેત્રાલય, અમરેલીના સંયુક્ત ઉપક્રમે અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી થયું હતું. આ કેમ્પનું દીપ પ્રાગટ્ય મંદિર ટ્રસ્ટ પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા અને લાયન્સ કલબ અમરેલી (સિટી)ના નવનિયુક્ત પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલિયા દ્વારા કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૬૦ દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૫ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું.

## અમરેલી સિટીમાં ટ્રાફિકને અડચણરૂપ થતાં વાહનચાલકો સામે કડક કાર્યવાહી

**અડચણરૂપ વાહન પાર્ક કરનારાઓ સામે હજુ કાર્યવાહી કરાશે**

અમરેલી, તા.૦૫

અમરેલી સિટીમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યા વકરી છે. આસપાસના ગામોમાંથી હટાણું કરવા આવતાં લોકો વાહન ગમે ત્યાં પાર્ક કરી દેતા હોય છે. ઉપરાંત વાહનોના ફેરા કરીને પેટીયું રળતાં લોકો પણ વાહન રોડ પર ઉભું રાખીને ટ્રાફિકને અડચણરૂપ થતા હોય છે. આવા ઈસમો સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

જેને લઈ જાહેર રોડ પર વાહન ઉભું રાખી ટ્રાફિકને અડચણરૂપ થતાં ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

## અમરેલીમાં સ્કૂલવાનમાં આગ લાગતા અફરાતફરી, કોઈ જાનહાનિ નહી

અમરેલી,તા.૦૫

અમરેલીના ઉર્જાનગર પાસે પાઠક સ્કૂલ નજીક એક સ્કૂલ વાન (Eeco ગાડી) માં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર કંટ્રોલરૂમને જાણ થતાં, ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ગણતરીના સમયમાં જ ફાયર ફાઈટરોએ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો



હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ સમયસરની કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી હતી. કોઈ જાનહાનિ ન થતા વાલીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## દામનગર-ઠાસા રોડ પર મસમોટા ખાડાથી વાહનચાલકો ત્રસ્ત



દામનગર,તા.૦૫

દામનગરના ઠાસા રોડ પરના બેઠા નાળામાં પડેલા મસમોટા ખાડા અને બહાર નીકળેલા સળિયા ગંભીર અકસ્માત નોતરી શકે છે. આ સ્થિતિ વિકાસના દાવાઓ અને રસ્તાઓની ગુણવત્તા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે.

## વીજપડીમાં તાજીયાના જુલૂસ વિવિધ વિસ્તારોમાં નીકળશે, આજે ઠંડા થશે

વીજપડી,તા.૦૫

વીજપડીમાં મુસ્લિમ બિરાદરો દ્વારા 'યા હુસૈન'ના નારા લગાવતા ભવ્ય જુલૂસ નીકળશે, જે જુમ્મા મસ્જિદ મેઈન બજાર પહોંચશે.

રવિવારના રોજ આખો દિવસ રૂટવાઈઝ તાજીયા સાથે જુલૂસ ફેરવવામાં આવશે. સાંજે બસ સ્ટેશન પાસે આવેલા મારુતિ



ચોકમાં તલવારબાજી, શોકરો અને ઢોલ-મરશિયાના સૂર બંધ કરીને નીતિ-નિયમ પ્રમાણે તાજીયાને ઠંડા કરવામાં આવશે. આ મોહરમ પર્વની જવાબદારી યુવા હુસૈની કમિટીના પ્રમુખ નાશીરભાઈ કુરેશી, ઉપપ્રમુખ અલ્તાફ ખોખર, સભ્યો નાશીર રહેમાનભાઈ ખોખર, કેશુભાઈ ખોખર, રસુલખાન પઠાણ અને બાવભાઈ પીરભાઈ ચાવડા સહિતના સભ્યો નિભાવી રહ્યા છે.

## સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા ૩૩૭મો નેત્રયજ્ઞ યોજાયો

અમરેલી,તા.૦૫

સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની સ્મૃતિમાં ૩૩૭મા નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વીરનગર હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરો દ્વારા મોતિયાના ૮૦ દર્દીઓની તપાસ



કરાઈ હતી. તેમાંથી ૧૯ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાતાં સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન અને સારવાર અપાઈ હતી. આ ઉપરાંત, જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી તેમને પણ સંસ્થા દ્વારા વિનામૂલ્યે પૂરા પાડવામાં આવ્યા હતા. આ ૩૩૭માં વિનામૂલ્યે મહા નેત્રયજ્ઞનું દીપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી અને વીરનગર હોસ્પિટલના ડોકટરો દ્વારા કરવામાં આવ્યું હતું.

## લીલીયાના સનાળીયા ગામના ખેડૂતનું અવસાન થતાં જીવન જયોતિ વિમા યોજનાનો ચેક અપાયો

લીલીયા,તા.૦૫

લીલીયાના સનાળીયા ગામના ખેડૂત યોગેશભાઈ રમેશભાઈ ગોહિલનું થોડા સમય અગાઉ અવસાન થયું હતું. તેમનું એકાઉન્ટ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની લીલીયા શાખામાં હતું. યોગેશભાઈનું એકાઉન્ટ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના સાથે જોડાયેલું હતું. તેમના પરિવારજનોને આ ખાતા અને વીમા અંગેની કોઈ જાણ નહોતી. લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વઘાસીયાએ પરિવારજનોનો સંપર્ક કરીને યોગેશભાઈના ખાતા અને તેમની વીમા યોજનાની જાણ કરી હતી. પછી તેમની અરજી અને કાગળો મેળવીને વીમાના નાણા અપાવવાની પ્રક્રિયા કરી હતી. તા.૦૩/૦૭/૨૫ ના રોજ ફકત આઠ જ દિવસમાં યોગેશભાઈના વારસદાર લીલીબેન રમેશભાઈ ગોહિલના બચત ખાતામાં રૂ.૨,૦૦,૦૦૦ (બે લાખ) જમા આવી ગયેલ છે. આવી સરાહનીય કામગીરી કરવા બદલ બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, બેંકના જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) બી.એસ. કોઠીયા, લીલીયા તાલુકાના સિનિયર ઓફિસર મનીષભાઈ ધાનાણી, લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વઘાસીયા, ભૌમીકભાઈ ભુવા, જયભાઈ રામાણી તેમજ લીલીયા શાખાના સમગ્ર સ્ટાફનો આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




## સાવરકુંડલાની કે.કે.હાઈસ્કૂલમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૫

કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે 'સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫ પીએસઆઈ આર.આર. ગલચર, એમ.જી. ચાવડા, જી.એસ. રાજપુરા તેમજ પી. એચ. ધમલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવા અને સાયબર



સુરક્ષા પ્રત્યે જાગૃત કરવાનો હતો. આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના વિવિધ પ્રકારો, જેમ કે ફિશિંગ, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા દ્વારા થતી છેતરપિંડી અને ડેટાની સુરક્ષા જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માહિતી આપી હતી.

# રાજુલા નેશનલ હાઈવે પર રેલવે ફાટક પાસેનો રસ્તો બિસ્માર, લોકોમાં રોષ

રાજુલા,તા.૦૫

રાજુલા નજીક નેશનલ હાઈવે પર રેલવે ફાટક પાસેના રસ્તાની અત્યંત ખરાબ હાલત વાહનચાલકો માટે મોટી સમસ્યા બની ગઈ છે. ટુ-વ્હીલચાલકોથી માંડીને હેવી વાહનો અને ટેન્કરો-કન્ટેનરોના ડ્રાઈવરો આ ખરાબ રસ્તાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, છતાં નેશનલ હાઈવે ઓથોરિટીની આંખ ઊઘડતી નથી. સિક્સ-વે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું છે, જેમાં એક બ્રિજ તૈયાર થઈ ગયો હોવા છતાં તેને નાના-મોટા વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવતો નથી, લોકો માંગ કરી રહ્યાં છે કે તૈયાર બ્રિજને વહેલી તકે વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવો જોઈએ. આ ઉપરાંત, રાજુલાથી ઉના રોડ પર કાગવદર અને ભટવદર વચ્ચે છેલ્લા પાંચ વર્ષથી ડાયવર્ઝન


તસવીર : ગોપાલ રાઠોડ

છે કારણ કે ત્યાં એક નાનું નાળું તૈયાર છે, પરંતુ તેના પર વાહન ચલાવવા દેવામાં આવતા નથી. લોકોમાં એવી ચર્ચા છે કે કામ નબળું હોવાથી નાળું તૂટી જવાની ભીતિ છે. જો આવું હોય તો તેનું સમારકામ કેમ થતું નથી? ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ૨૭૦ કિલોમીટર લાંબો છે અને તેને ૩૬ મહિનામાં પૂરો કરવાનો કોન્ટ્રાક્ટ હતો, પરંતુ આજે ૧૦ વર્ષ વીતી ગયા છતાં કામ અધૂરું છે. અનેક જગ્યાએ ડાયવર્ઝન અને અધૂરા નાળા-ઓવરબ્રિજ જોવા મળે છે.

# વસંતભાઈ મોવલીયાના જન્મદિવસે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા બીમાર ગાયોને ચારો નખાયો

અમરેલી ,તા.૦૫

સંજોગ ન્યૂઝના માલીક, ખોડલધામ ટ્રસ્ટી અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના ફાઉન્ડર તેમજ સમાજ શ્રેષ્ઠી વસંતભાઈ મોવલીયાના જન્મદિવસ નિમિત્તે એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા કામધેનુ બીમાર ગાયોની ગૌશાળા ખાતે ગાયોને




લીલો ચારો ખવડાવીને પુણ્યનું કાર્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ક્લબના સભ્યો દ્વારા ગાયોને લીલુ ઘાસ અર્પણ કરીને દાન કરવામાં આવ્યું હતું, અને આ સેવાકાર્ય દ્વારા વસંતભાઈ મોવલીયાના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉમદા પહેલમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ લાયન રાકેશ નાકરાણી, મંત્રી લાયન રાજેશ ગઢીયા અને સભ્યો લાયન વિજય વસાણી, લાયન દિવ્યેશ વેકરીયા તેમજ લાયન ધર્મેશ વિસાવળીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં ભારત માતા તથા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી



રાજુલા, તા.૦૫

રાજુલા મારુતિ ધામ મંદિર ખાતે ભારત માતા તેમજ પૂજ્ય સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજુલા પૂર્વ નગરપાલિકા પ્રમુખ ચિરાગ બી. જોષી, સદસ્ય અર્ચનાબેન જોષી તથા કેતનભાઈ દવે, સાહિત્ય કલાકાર જશુભાઈ દવે, પરાગભાઈ જોશી જોડાયા હતા.

# લીલીયા શહેરમાં કાદવ-કીચડને લઈ ગ્રામજનોએ રોષભેર આવેદન પાઠવ્યું

લીલીયા,તા.૦૫

લીલીયા શહેરમાં પાછલા એક દાયકાથી ભૂગર્ભ ગટરના ઉભરાતા ગંદા પાણી, કાદવ-કીચડને લઈ શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.

શનિવારે ગ્રામ પંચાયત સત્તાધીશો સામે ગટરના ગંદા પાણી તેમજ રોડ રસ્તાને લઈ કાદવ કીચડમાં ફૂલડા અર્પણ કરી રોષભેર સાઈનાથ પરા,



વેલનાથ પરા, હોસ્પિટલ પરા, મફત પ્લોટ સહિતના રહિશોએ ઢોલ નગારા સાથે તાલુકા ભાજપ મહામંત્રી જીગ્નેશ ઝિંઝુવાડીયા, રાહુલભાઈ સાનિયાની આગેવાનીમાં રોડ પર ઊતરી ગ્રામ પંચાયત સત્તાધીશો સામે 'સરપંચ તેરી તાનાશાહી નહીં ચલેગી'ના સૂત્રોચ્ચાર કરી પ્રથમ તાલુકા પંચાયત કચેરી ખાતે ઈન્ચાર્જ ટી.ડી.ઓ માલવિયાને આવેદનપત્ર આપી મામલતદાર કચેરીએ પહોંચી મામલતદારને આવેદનપત્ર આપી પ્રશ્ન હલ કરવા માંગણી કરી હતી.

# બાબરામાં મુસ્લિમ એકતા મંચ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



બાબરા, તા. ૦૫

બાબરામાં શુક્રવારે મુસ્લિમ એકતા મંચના હોદ્દેદારો દ્વારા તાલુકાના ગળકોટડી ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં બાબરા મુસ્લિમ એકતા મંચના કન્વીનર હારુનભાઈ મેતર દ્વારા શુક્રવારે ગમે હુસેનની યાદમાં અલગ-અલગ જગ્યાએ ૧૫૦ જેટલા વૃક્ષોનું રોપણ કરીને ગમે હુસેન મનાવવામાં આવ્યા હતા.

# ધારી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ જીતુભાઈ જોષીના કાર્યાલયે વય વંદના આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો

ધારી,તા.૦૫

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સૂચના અને ધારીના જાગૃત અને લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડીયાના માર્ગદર્શન મુજબ ધારી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અને પૂર્વ સરપંચ


તસવીર : સંજય વાળા

જીતુભાઈ જોષીના કાર્યાલયે વય વંદના આયુષ્યમાન કાર્ડ કાઢવાના કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સતત લોકોની સુખાકારી માટે સક્રિય ધારાસભ્ય જે.વી.ભાઈ કાકડીયા અને અન્ય સન્માનિત આગેવાનોએ ઉપસ્થિત રહીને કેમ્પને સફળ બનાવી કાર્યકર્તાઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# અમરેલી જિલ્લામાં મેઘો મન મૂકીને વરસતો નથી, માત્ર ઝરમર વરસાદ

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા દિવસોથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ઘોર અંધારૂ થવા છતાં મેઘો મન મૂકીને વરસતો નથી. માત્ર વરસાદી ઝાપટા પડતા જળાશયોમાં નવા નીરની આવકમાં કોઈ વધારો જોવા મળતો નથી. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં માત્ર ઝરમર વરસાદથી કાદવ-કીચડનું સામ્રજય જોવા મળી રહ્યુ છે. જેના



કારણે મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. આજે દિવસ દરમિયાન માત્ર ચાર તાલુકાઓમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. વડીયામાં ૩ મિમી, લીલીયામાં ૨ મિમી, અમરેલીમાં ૧૪ મિમી, બગસરામાં ૧૩ મિમી વરસાદ નોંધાયો હતો.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી




રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૬


# જિલ્લામાં નશામાં મદમસ્ત થઈને ફરતા ૮ ઝડપાયા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૮ ઈસમોને ઝડપી પાડ્યા હતા.

તોરી, ખાંભા, વાવડી, બલાણા, રોહીસા, રાજુલામાંથી એક-એક અને અમરેલીમાંથી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં મળી આવ્યા હતા.

## અવસાન નોંધ

**સરસીયા**

દાઉદ ભાઈ ઝીણા ભાઈ નાડ નું અવસાન તા.૦૪/૦૭/૨૦૨૫ ને શુક્રવાર અવસાન થયેલ છે. તેઓ હનીફ નાડ (પત્રકાર),હૈદર નાડ, સોહીલ નાડના પિતાજી થાય .મર્હુમ દાઉ નું બેસણું તા. ૦૭/૦૭/૨૦૨૫ સોમવારના બપોર ના ૩:૦૦ કલાકે સરસીયા અમારા નિવાસ સ્થાન ખાતે રાખવામાં આવેલ છે.

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૬/૨૦૨૫ — તા.૦૨/૦૭/૨૦૨૫

**વિવાદી :-** સંજયભાઈ વજુભાઈ વનાળીયા
ઠે.છભાડીયા, તા.લાઠી, જી.અમરેલી મો. ૯૦૧૬૭ ૩૦૨૮૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા-એડવોકેટ લાઠી
મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મું. મુળીયાપાટ, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મુળીયાપાટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી જાનવી સંજયભાઈ વનાળીયા નો જન્મ તા.૦૯/૧૨/૨૦૧૦ના રોજ મુળીયાપાટ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૮/૨૦૨૫ — તા.૦૨/૦૭/૨૦૨૫

**વિવાદી :-** કાજલબેન ઉર્ફે સેજલબેન રણછોડભાઈ કાછડીયા વા/ઓ ઉમેશભાઈ વેકરીયા
ઠે.એ-૪૦૪, યશ ઇવના, જગતપુર ક્રોસિંગ પાસે, જગરપુર,
મું.તા.જી. અમદાવાદ-૩૮૨૪૭૦ મો.૯૦૩૩૨ ૭૮૨૮૩
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા-એડવોકેટ લાઠી
મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મું. નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.નાના રાજકોટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો કાજલબેન ઉર્ફે સેજલબેન રણછોડભાઈ કાછડીયા નો જન્મ તા.૦૯/૧૨/૧૯૮૩ના રોજ નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૭/૨૦૨૫ — તા.૩૦/૦૬/૨૦૨૫

**વિવાદી :-** દેવશીભાઈ રવજીભાઈ કાસેટીયા
ઠે.કરકોલીયા, તા.લાઠી, જી.અમરેલી મો.૯૬૬૨૪ ૦૬૧૧૬
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા-એડવોકેટ લાઠી
મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મું. કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કરકોલીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો દેવશીભાઈ રવજીભાઈ કાસેટીયા નો જન્મ તા.૦૧/૦૫/૧૯૫૭ના રોજ કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૩૦/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ બારૈયા
રહે. મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી પી.એન.વાજા તથા જી.એન.સોલંકી રહે.કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ શ્રી હરજીભાઈ રામાભાઈ બારૈયા તથા શ્રી સોનાબેન હરજીભાઈ બારૈયાનો પુત્ર કરશનભાઈ હરજીભાઈ બારૈયા નું મરણ તારીખ : ૦૪/૦૫/૧૯૮૬ ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને.૧૯૮૬ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૬૪/૨૫ — તા.૩૦/૦૬/૨૦૨૫

**વિવાદી :-** શ્રી અશોકભાઈ બીજલભાઈ ચૌહાણ
ઠે.છભાડીયા, તા.લાઠી, જી.અમરેલી મો. ૯૦૧૬૭ ૩૦૨૮૮
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા-એડવોકેટ લાઠી
મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.છભાડીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્ર નૈતિક અશોકભાઈ ચૌહાણ નો જન્મ તા.૨૮/૦૬/૨૦૦૮ના રોજ છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૦/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૯/૨૦૨૫ — તા.૦૨/૦૭/૨૦૨૫

**વિવાદી :-** જાલાભાઈ લાખાભાઈ જોગરાણા
ઠે.આંસોદર, તા.લાઠી, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચિફ ઓફીસરશ્રી
મું. દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)


આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્ર રૂપેશ જાલાભાઈ જોગરાણા નો જન્મ તા.૨૪/૧૦/૨૦૧૧ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# ગોપાલગ્રામના જર્જરિત અને ખાડા-ખબડ વાળા રોડ અંગે જિલ્લા ભાજપ પ્રમુખની મુખ્યમંત્રીને રજૂઆત

ચલાલા, તા. ૦૫

ધારી તાલુકાના ગોપાલગ્રામથી ચલાલા સુધીનો સાત કિલોમીટરનો રોડ ઘણા ટાઈમથી એકદમ જર્જરિત થઈ ગયો હોવાથી વાહન ચાલકો, ચલાલાથી ગોપાલગ્રામ ફરજ પર જતા કર્મચારીઓ તેમજ મીઠાપુર ડુંગળીના ખેતરવાડી વાળા માલિકોને ભારે મુશ્કેલી પડતી હતી. ઘણા સમયથી ગોપાલ ગામના લોકોએ તંત્રને અને લોક પ્રતિનિધિને વારંવાર રજૂઆત કરવા છતાં આ રોડનું સમારકામ થતું નહોતું. જેથી આ જર્જરિત રોડના સમાચારો ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં વારંવાર પ્રસિદ્ધ થતા હતા. આ જર્જરિત રોડની સમસ્યાને ગંભીર ગણી જિલ્લા



ભાજપના ઉત્સાહી અને કર્મઠ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ ગોપાલગ્રામના લોકોની મુશ્કેલી દૂર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અને રાજ્યના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાને વિગતવાર લેખિત રજૂઆત કરી હતી. ગોપાલગ્રામના લોકોને હવે ટૂંક સમયમાં નવો રોડ તેવી આશા આખી રહ્યા છે.આ અંગે લોકોએ અતુલ કાનાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે ખાનગી કંપનીએ બે વર્ષથી બંધ કરેલો રસ્તો કોર્ટના ઓર્ડરથી ખોલાયો

સાવરકુંડલા,તા.૦૫

સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે આદિત્ય બિરલા સોલાર પ્લાન્ટ દ્વારા ૨ વર્ષથી ખેડૂતોનો રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. અંતે આ રસ્તાને કોર્ટના ઓર્ડર બાદ ખોલવામાં આવ્યો હતો. મામલતદાર કોર્ટ એક્ટની કલમ ૫ મુજબ મામલતદાર કોર્ટ અને ડેપ્યુટી કલેક્ટરની કોર્ટે રસ્તો ખોલી આપવાનો ઓર્ડર કર્યો



હતો. ખેડૂતોના એડવોકેટ તરીકે કેતનભાઈ ખુમાણ રોકાયેલા હતા. એડવોકેટે ધારદાર દલીલો કરીને આદિત્ય બિરલા કંપની સામે અલગ અલગ ચાર વખત ખેડૂતો તરફેણમાં ઓર્ડર કરાવી ખેડૂતોને ન્યાય અપાવ્યો હતો. કોર્ટના હુકમનું પાલન કરાવી કંપની દ્વારા રસ્તામાં કરેલ દબાણને નાયબ મામલતદાર કાતરીયા દ્વારા દૂર કરાવીને રસ્તાને ખુલ્લો કર્યો હતો. આશરે ત્રણ વર્ષથી આ રસ્તો બંધ હોવાથી ખેડૂતોને જીવના જોખમે નદીમાંથી ચાલી પોતાના ખેતરે જવું પડતું હતું. રસ્તો ખુલતા ખેડૂતોએ સત્યમેવ જયતેના નારા લગાવ્યા હતા.

# સા.કુંડલામાં મોટરસાયકલમાં રાખેલો મોબાઈલ પડી ગયો

**અજાણ્યો ઈસમ મોબાઈલ ઉપાડી ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ**

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં રહેતા એક રત્નકલાકારે મોટરસાયકલના મોરામાં મોબાઈલ રાખ્યો હતો. જે પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. ભાવેશભાઈ નાથાભાઈ ચાવડા (ઉ.વ.૩૫) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેના ઘરની પાસે આવેલી પાનની દુકાને ગયા હતા. તે સમયે તેમણે મોબાઈલ ફોન મોટરસાયકલના મોરામાં રાખ્યો હતો. દુકાનેથી ઘર તરફ આવતી વખતે ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

# રાજુલાના રામપરા-૨ ગામે પરિણીતાની આબરૂ લેવાના ઈરાદે ઓઢણી ખેંચી હુમલો કર્યો

**લાફો મારી, ગાળો બોલી, ઢીકાપાટુ પણ માર્યા**

રાજુલા, તા.૦૫

રાજુલાના રામપરા-૨ ગામે પરિણીતાની આબરૂ લેવાના ઈરાદે ઓઢણી ખેંચીને હુમલો કરવામાં આવ્યો હતો તેમજ લાફા મારી, અપશબ્દો બોલીને ઢીકાપાટુ પણ માર્યા હતા. બનાવ સંદર્ભે સોનાબેન જંડુરભાઈ વાઘ (ઉ.વ.૩૯)એ નાજાભાઈ અરજણભાઈ વાઘ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરની બાજુમાં ગામમાં જવાના રસ્તે આરોપીએ સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. જેથી તેમને ગમતું ન હોવાથી સીસીટીવી તોડી નાખ્યા હતા. આ મુદ્દે આરોપી તેમને ગાળો આપતા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઈને લાફો માર્યો હતો તેમજ ઢીકાપાટુ મારીને આબરૂ લેવાના ઈરાદે ઓઢણી ખેંચીને હુમલો કર્યો હતો. જે બાદ નાજાભાઈ વાઘે પણ સોનાબેન જંડુરભાઈ વાઘ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરે લગાવેલા સીસીટીવીથી આરોપીને સારું નહીં લાગતાં કેમેરામાં નુકસાન કર્યું હતું. ઉપરાંત તેમને જેમફાવે તેમ ગાળો બોલીને દૂધ ભરવાની બરણીથી આડેધડ માર માર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં મેઈન બજારમાં પાર્ક કરેલી બાઈકની ઉઠાંતરી

**વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૦૫

રાજુલામાં રહેતા એક વેપારીએ મેઈન બજારમાં ટાવર રોડ પર કાંતીલાલ ગીરધરલાલ નામની કરિયાણાની દુકાન પાસે બાઈક પાર્ક કરી હતી. રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતની બાઈકની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે રવિન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ શેઠ (ઉ.વ.૩૩)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેની જીજે-૧૪-બીબી-૩૯૦૫ નંબરનું મોટરસાયકલ મેઈન બજારમાં ટાવર રોડ પર ભારત કોલ્ડ્રિંક્સ પાસે આવેલી તેમની શેઠ કાંતીલાલ ગીરધરલાલ નામની કરિયાણાની દુકાન પાસે પાર્ક કરી હતી. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાંથી ખાનગી કંપનીના ટેલીકોમ મેનેજરના લેપટોપની ઉઠાંતરીનો ભેદ ઉકેલાયો

**પોલીસ ચોપડે રૂ.૩૫,૦૦૦ કિંમત જાહેર થઈ હતી**

જાફરાબાદ, તા.૦૫

જાફરાબાદમાંથી ખાનગી કંપનીના ટેલીકોમ મેનેજરના લેપટોપની ચોરી થઈ હતી. બનાવ અંગે જાફરાબાદ લાઈટ હાઉસમાં રહેતા અને એરટેલ કંપનીમાં ટેલીકોમ મેનેજર તરીકે નોકરી કરતાં મુનાવરભાઈ ઈસ્લામુદીનભાઈ સોરઠીયા (ઉ.વ.૩૨)એ વિપુલભાઈ રમેશભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ટી પોઈન્ટ જેટીની સામે એરટેલ ટેલીકોમ કંપનીની ડિસ્ટ્રીબ્યુટર પોઈન્ટની ઓફિસમાંથી આરોપી રૂપિયા ૩૫૦૦૦ની કિંમતના લેપટોપની ચોરી કરી ફરાર થઈ



ગયો હતો. જાફરાબાદ પોલીસ ટીમે ટેકનીકલ સોર્સ તથા હ્યુમન સોર્સના આધારે આરોપીને ચોરીના લેપટોપના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

# ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને અમરેલી એલસીબી ટીમે મહારાષ્ટ્રથી ઝડપ્યો

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરીને કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા એસપી સંજય ખરાતે સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. જે બાદ મૂળ મધ્ય પ્રદેશના પહાડવાના અને હાલ મહારાષ્ટ્રના પાલઘરમાં રહેતા મુકેશ ઉર્ફે પ્રકાશ દેતુભાઈ વાસકલા (ઉ.વ.૨૦)ને ટેક્નિકલ સોર્સ તથા બાતમીના આધારે પાલઘરથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી તેની સામે કેસ નોંધાયા બાદ છેલ્લા ૧૧ મહિનાથી ફરાર હતો.

આ કામગીરી અમરેલી એલીસીબી પીઆઈ વી.એમ. કોલાદરા, પીએસઆઈ કે.ડી. હડીયા, હેડ કોન્સ્ટબલ ગોકુળભાઈ કળોતરા, તુષારભાઈ પાંચાણી, હરેશભાઈ કુંવારદાસ, પોલીસ કોન્સ્ટેબલ પરેશભાઈ દાફડા દ્વારા કરવામાં આવી હતી.

# વડીયાના અમરાપુર ગામ પાસે બાઈક ખાળીયામાં ખાબકતાં શ્રમિકનું મોત

**જંગર ગામે વાડીએ રહીને મજૂરી કરતો હતો**

વડીયા, તા.૦૫

વડીયાના અમરાપુર ગામ પાસે બાઈક ખાળીયામાં ખાબકતાં પરપ્રાંતીય શ્રમિકને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેને સારવાર અર્થે લઈ જવાયો હતો. જ્યાં તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના પાટી તાલુકાના સાવરીયા પાનીના રહેવાસી અને હાલ જંગર ગામે વાડીએ રહેતા ટીપ્રિયાભાઈ પુનીયાભાઈ માનકર (ઉ.વ.૨૧)એ જાહેર કર્યા મુજબ તેમના કાકા બીયારામભાઈ રબડાભાઈ માનકર (ઉ.વ.૩૦) બાઈક લઈને અમરાપુર ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે મોટરસાયકલ પરનો કાબુ ગુમાવી દેતા રોડ પરથી ખાળીયામાં ખાબક્યા હતા. જેમાં શરીરે ગંભીર ઈજા થવાથી ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૬૦ |
| ઘઉં લોકવન | ૪૯૯ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૬૪ |
| જુવાર સફેદ | ૬૬૦ | ૮૨૦ |
| જુવાર લાલ | ૬૪૦ | ૮૨૬ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૫ |
| બાજરી | ૩૧૦ | ૪૧૪ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૨૪ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૩૪ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૨૧ |
| મગ | ૧૨૭૫ | ૧૫૯૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૨૨૦ |
| ચોળી | ૧૩૦૦ | ૧૯૦૦ |
| મઠ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૩૨૧ | ૨૧૦૦ |
| કળથી | ૪૫૦ | ૭૫૬ |
| રાજમા | ૧૧૪૧ | ૧૪૦૨ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૩૦ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૬૫ |
| તલી | ૧૪૩૦ | ૧૯૯૦ |
| એરંડા | ૧૨૭૭ | ૧૩૩૪ |
| અજમો | ૮૮૦ | ૧૫૦૧ |
| સુવા | ૮૦૦ | ૧૨૦૭ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૧ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૬૦ |
| કાળા તલ | ૨૯૫૦ | ૩૮૦૦ |
| લસણ | ૬૨૦ | ૯૫૨ |
| ધાણા | ૧૨૨૦ | ૧૩૫૬ |
| ધાણી | ૧૨૪૦ | ૧૩૭૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૩૪૨૧ | ૩૮૫૫ |
| રાય | ૧૧૬૦ | ૧૪૨૫ |
| મેથી | ૮૨૫ | ૧૨૨૫ |
| કલોંજી | ૩૨૫૦ | ૪૧૮૮ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૬૦૦ |
| ગુવારનું બી | ૯૪૫ | ૯૮૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૧૧૮ | ૩૨૫ |
| ટમેટા | ૩૫૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૧૧૦૦ | ૧૮૫૦ |
| દુધી | ૩૫૦ | ૬૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૫૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૬૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૭૦ |
| બીટ | ૨૫૦ | ૫૨૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૫૦ | ૭૬૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૫૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૩૨ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૯૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૫૩૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૨૮૬ | ૧૩૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૯૧૧ |
| કલંજી | ૧૦૦૧ | ૪૦૬૧ |
| ધાણા | ૯૫૧ | ૧૪૫૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૭૧ |
| અડદ | ૭૫૧ | ૧૪૬૧ |
| તુવેર | ૫૩૬ | ૧૩૩૧ |
| રાય | ૧૧૭૧ | ૧૨૦૧ |
| મેથી | ૫૦૦ | ૧૦૧૧ |
| કાંગ | ૪૫૧ | ૬૩૧ |
| મગફળી જાડી | ૭૬૦ | ૧૨૮૧ |
| સફેદ ચણા | ૧૦૨૧ | ૨૦૯૧ |
| મગફળી નવી | ૭૧૧ | ૧૨૮૬ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૫૧ |
| ડુંગળી સફેદ | ૭૧ | ૧૮૧ |
| બાજરો | ૩૦૧ | ૪૯૧ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૩૭૧ | ૪૭૧ |
| મગ | ૧૨૦૧ | ૧૫૬૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૪૧ |
| વાલ | ૫૦૧ | ૧૩૩૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૬૪૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૨૬ |
| ગોગળી | ૫૨૬ | ૧૦૫૧ |
| **ગોંડલ-શાકભાજી** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૬૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૮૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૩૨૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૩૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| લીમડો પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૩ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૨૪૦ | ૩૦૦ |
| ચુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૨૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૮૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૬૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૨૯૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ફુલાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૭૫૦ | ૮૫૦ |
| સુરણ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કરેલા | ૯૫૦ | ૧૧૫૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૫૫૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૩૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફુદીનો | ૬૫૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૨૦ |
| શીંગ ચોળા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સૂકું | ૧૫૩૦ | ૨૦૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૧૧૫૦ | ૧૪૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૫૦ |
| શિંગ મોટી | ૭૭૦ | ૧૧૦૪ |
| શિંગ દાણા | ૧૨૫૦ | ૧૫૨૬ |
| શિંગ ફાડા | ૧૦૫૦ | ૧૪૯૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૦૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૭૬૫ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૪૧૨ |
| બાજરો | ૩૭૨ | ૩૭૨ |
| જુવાર | ૫૦૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૫૪૨ |
| મગ | ૮૫૦ | ૧૩૫૫ |
| અડદ | ૮૦૦ | ૧૨૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૭૦૦ | ૧૧૧૧ |
| તુવેર | ૮૨૬ | ૧૨૯૨ |
| કપાસ | ૭૯૨ | ૧૬૬૬ |
| એરંડા | ૧૧૯૧ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૮૩૫ |
| ધાણી | ૧૦૧૦ | ૧૩૩૦ |
| મેથી | ૫૨૫ | ૮૩૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૦૩ |
| કાંગ | ૫૦૦ | ૫૯૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૮૮ |
| કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૮૦ |
| મગફળી | ૧૦૪૦ | ૧૦૭૦ |
| જીરૂ | ૨૭૧૦ | ૩૭૬૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| તલ સફેદ | ૧૬૦૫ | ૧૭૬૫ |
| તલ કાળા | ૨૫૩૦ | ૩૧૩૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૭૧ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૨૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૧૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૧૦ |
| જીરૂ | --- | ૩૬૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૫ |
| બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| જુવાર | ૬૦૦ | ૭૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | --- |
| **ધારી** | | |
| મગફળી | ૫૦૫ | ૮૬૦ |
| ચણા | ૧૦૮૯ | ૧૦૮૯ |
| સફેદ તલ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| કાળા તલ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| મગ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| રાય | ૧૦૫૫ | ૧૦૫૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૧૧ | ૧૧૩૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૨૧ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૦ |
| જુવાર | ૪૫૦ | ૭૭૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૧૬ |
| મગ | ૧૧૮૦ | ૧૮૦૦ |
| એરડી | ૧૧૬૦ | ૧૨૮૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૭ |
| સફેદ તલ | ૧૧૦૦ | ૧૭૧૮ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૮૧૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૯ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૬૨૦ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૦૦૦ | ૧૨૫૨ |
| શીંગ ૩૨ | ૯૬૮ | ૯૬૮ |
| શીંગ જી.૨૦ | ૯૦૦ | ૧૦૩૮ |
| એરંડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| જુવાર | ૩૦૦ | ૭૪૯ |
| બાજરી | ૨૫૮ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૬૦ |
| મકાઈ | ૫૧૬ | ૫૧૬ |
| અડદ | ૧૧૪૫ | ૧૧૪૫ |
| મગ | ૪૫૦ | ૧૩૮૨ |
| ધાણા | ૯૦૦ | ૯૯૦ |
| રાય | ૧૨૨૫ | ૧૩૫૧ |
| ચણા | ૯૭૫ | ૧૦૮૬ |
| તલ સફેદ | ૧૧૧૧ | ૧૯૬૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૩૭૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૦૫૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૫૮ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૫૩ |
| નાળીયેર | ૪૪૧ | ૩૧૮૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૧ | ૧૦૩૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૭ |
| તલ કાળા | ૩૧૫૧ | ૩૧૫૧ |
| તલ પીળા | ૧૯૦૩ | ૧૯૦૩ |
| કપાસ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૪૯૦ |
| જુવાર | ૫૦૧ | ૮૩૫ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૨૭૬ | ૧૩૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| રાય | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ચોળી | ૬૫૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૪૧૦ | ૧૫૦૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૬૨ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૮૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૫ |
| શીંગફાડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મગફળી | ૯૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૬૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૧૦ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૧૬૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૫૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૯૧ |
| મગ | ૭૫૧ | ૧૪૧૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૧૨૭૬ | ૧૨૭૬ |
| તુવેર | ૯૦૧ | ૧૨૫૬ |
| મગફળી | ૭૦૧ | ૯૭૬ |
| શિંગ દાણા | ૧૨૫૧ | ૧૪૭૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૭૭૧ |
| મેથી | ૫૦૦ | ૭૦૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૪૯૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૮૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૧૫ |
| બાજરો | ૩૦૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૮ |
| મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૭૫ |
| તુવેર | ૧૦૪૫ | ૧૨૫૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૬૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૩૪ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૪૯૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૧૮ |
| તલ | ૧૫૦૦ | ૧૮૨૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૨૦ |
| રાઈ | ૧૧૫૦ | ૧૪૦૩ |
| લસણ | ૫૦૦ | ૧૦૦૫ |
| કપાસ | ૭૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૮૫ |
| અજમો | ૯૭૫ | ૩૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ધાણી | ૧૨૬૫ | ૧૩૯૫ |
| વટાણા | ૧૫૦૦ | ૧૯૨૫ |
| રાજમા | ૬૪૦ | ૧૧૭૦ |

# શેફાલી જરીવાલા મૃત્યુ: અસંયમિત અને સનસનાટીવાળું રિપોર્ટિંગ પત્રકારત્વ છે?



'કાંટા લગા ગર્લ' શેફાલી જરીવાલાનું કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થયું. જ્યોતિષને સાચું ન માનનારાને શેફાલી જરીવાલાએ અભિનેતા પારસ છાબડાને આપેલો ઈન્ટરવ્યૂ (આજકાલ તેને પૉડકાસ્ટ કહે છે, પણ યથાર્થમાં પૉડકાસ્ટનો અર્થ થાય છે- એવો કાર્યક્રમ જે ડિજિટલ ફૉર્મેટમાં હોય છે અને જેને તમે ડાઉનલૉડ કરી શકો.) દેખાડવો. પારસ છાબડા શેફાલી સાથે 'બિગ બૉસ ૧૩'માં હતો. જ્યોતિષનું સારું જ્ઞાન ધરાવતા પારસે શેફાલી સામે જ તેના મૃત્યુની આગાહી કરી હતી.

હવે કેટલાક કલાકારો મોકળાશથી કહેતા થયા છે કે હા, અમે મંદિરે દર્શન કરવા જઈએ છીએ ત્યાં, અદ્ભુત અનુભૂતિ થાય છે, અમે માનીએ છીએ કે નજર લાગે છે, તંત્ર-મંત્ર થાય છે, ભૂત જેવું હોય છે. શેફાલી જરીવાલાએ આ વાત કરી હતી. તેણે પોતે પગ પર દોરો બાંધ્યો હોવાનું પણ સ્વીકાર્યું છે. પારસ છાબડા કહે છે કે તેના પર તેની એક પ્રેમિકા (તે તેનો પંથ નથી કહેતો પણ તે મુસ્લિમ હોઈ શકે)એ મેલી વિદ્યા કરી હતી, જેના કારણે તેના મનમાં પ્રેમિકા જ વસી ગઈ હતી. તે પછી તે પ્રેમિકાનાં માતાપિતાએ ચા પીવડાવી પારસ પર મેલી વિદ્યા કરી હતી. નજર લાગી ગઈ તેમ કહીએ એટલે માત્ર હિન્દુ ધર્મ સામે જ 'હું તો છાતી પીટીશ જ' પ્રકારના પત્રકારો અને જાથાવાળા કૂદી પડે પરંતુ દરેક પંથમાં આ હોય છે. અંગ્રેજીમાં તેને 'એવિલ આય' કહે છે. અરબીમાં તેને 'અલ આય્ન' કહે છે. પરંતુ આ બધું કોઈ કહેતું નથી. મૂળ તો બધો ખેલ વીજચુંબકીય તરંગોનો છે. મનમાંથી આ તરંગો ઉઠતા હોય છે. જો તે શુભ હોય તો તે શુભ પ્રભાવ જન્માવતા હોય છે અને અશુભ હોય તો અશુભ.

જો કોઈ હૉલમાં જામર મૂકીને મોબાઈલમાં આવતા સિગ્નલો રોકી શકાતા હોય તો કોઈની દૃષ્ટિ કેમ ન રોકી શકાય અને ન રોકી શકાઈ હોય તો તેને ઉતારી કેમ ન શકાય? પરંતુ એ બધી ચર્ચા અત્યારે નથી કરવી. શેફાલી આ ઈન્ટરવ્યૂમાં જે ખુલ્લા મનથી બધી વાતો કરે છે તેની વાત કરવી છે. અન્ય અભિનેત્રીઓની જેમ શેફાલી બૉટોક્સની વાત છુપાવતી નથી. પરંતુ તેની આડઅસરોની વાત પણ પારસ અને શેફાલી કરે છે. ઘણી અભિનેત્રીઓ મોટા હોઠ કરાવવા સર્જરી કરાવે છે, તો ઘણી આંખની ભ્રમર ઊંચી કરાવે છે અને તેમાંથી એક આંખની ન થાય તો બહુ વિચિત્ર લાગે. તો ઘણી આંખની નીચેનું હાડકું દેખાય તેમ કરાવે છે. તે પછી ખૂબ ખરાબ લાગે છે.

આ બધાનો શું અર્થ છે? પહેલાંની અભિનેત્રીઓને જુઓ. નરગીસ, મીનાકુમારી, માલાસિંહા, મધુબાલા, નૂતન, વૈજયંતીમાલા, સુરૈયા, શકીલા આ બધાને ક્યાં પ્લાસ્ટિક સર્જરીની કે કૉસ્મેટિક સર્જરીની આવશ્યકતા હતી? નાના પાટેકરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'લતા મંગેશકરે કહ્યું હતું કે તેમનાં ગીતો સૌથી વધુ સારી રીતે નૂતન ભજવી શકે છે.'' એમ કહી નાના પોતાનો દૃષ્ટિકોણ ઉમેરતા કહે છે, ''હમને નૂતન કા ઈતના (ચહેરા) ભાગ હી દેખા. ક્યા કપડે પહને હૈ, ક્લીવેજ હૈ યા નહીં કભી નહીં દેખા.'' આ ગ્રેસ – ગરીમા હતી. એ બધી અભિનેત્રીઓ જેવી હતી તેવી દર્શકોએ તેમને સ્વીકારી. આ બધાનું ફિગર ૩૬-૨૪-૩૬ કહી ન શકાય. આ ૩૬-૨૪-૩૬નું ગાંડપણ ભારતની યુવતીઓમાં ભરી દેવામાં આવ્યું. અને વચ્ચે તો કરીના કપૂરે ઝીરો સાઈઝ ફિગરનું ગાંડપણ ઠસાવ્યું હતું. અભિનેતા સિક્સ પેક, બાવડાબાજ હોવા જ જોઈએ. દેવ આનંદ, રાજ કપૂર, દિલીપકુમાર, રાજેશ ખન્ના, વિજય અરોડા આ બધા ક્યાં બાવડેબાજ હતા?

શેફાલી જરીવાલાનું મૃત્યુ થયું તે સમયે પાપારાઝી અને મીડિયાના પત્રકારોએ કેર વર્તાવી દીધો. એ લોકો જે રીતે ભૂંગળા લઈને શોકસંતપ્ત પરાગ ત્યાગી (શેફાલીના પતિ)ની પાછળ-પાછળ ચાલતા હતા તે જોઈને ખૂબ જ ઘૃણા આવે. આવા સમયે તો તેમને એકલા છોડી દો. અથવા તો દૂરથી ફિલ્માવો. અને છેક નાક સુધી માઈક ઠૂંસવું અને પછી કોઈ ચીડાઈને ઉત્તર બરાબર ન આપે તો તેનો મુદ્દો બનાવવો, એ ક્યાંનો ન્યાય છે. અમારા પ્રશ્નથી ભાગ્યા. પરાગ ત્યાગીએ સંવેદનશીલ બનવાની મીડિયાને અપીલ કરવી પડી.

> શેફાલી જરીવાલાનું કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થયું. તે સમયે અને અમદાવાદ વિમાન દુર્ઘટના સમયે કરાયેલું રિપોર્ટિંગ સંવેદનશીલ હતું? શેફાલીના પતિ પરાગ ત્યાગીએ હાથ જોડીને મીડિયાને કહેવું પડ્યું કે થોડી સંવેદનશીલતા રાખો. અમદાવાદ વિમાન દુર્ઘટના સમયે પણ મીડિયા ટીકાપાત્ર બન્યું હતું.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃતકોના સગાઓને યુટ્યૂબર અને મીડિયાવાળા પૂછી રહ્યા હતા, ''આપ કો કૈસા લગતા હૈ?'' આ પ્રકારનું પત્રકારત્વ શરૂ કરવાનો અપયશ 'આજ તક'ને જાય છે. જ્યારે ૨૪ કલાકની ચેનલ માત્ર કદાચ આજ તક જ હતી ત્યારે ગુજરાતના ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપ વખતે તેણે આ પ્રકારનું પત્રકારત્વ શરૂ કર્યું હતું. રાજુ શ્રીવાસ્તવ મુંબઈના પૂરમાં ફસાયેલાનો પત્રકાર વીડિયો કેમેરા લઈને ઈન્ટરવ્યૂ કરે છે તે અને એક બૉમ્બનો ઈન્ટરવ્યૂ કરે છે તે રજૂઆત અદ્ભુત કરતા. તેમાં કૉમેડી કરતાં કરુણતા અને કટાક્ષ વધુ હતા.

પહેલાં તો રાષ્ટ્રીય સ્તરે આજ તક, સ્ટાર ન્યૂઝ અને દૂરદર્શન જેવી બે-ત્રણ ચેનલો જ હતી. પરંતુ તે પછી અનેક હિન્દી ચેનલો આવી. તે પછી પ્રાદેશિક સ્તરે અનેક ચેનલો આવી. એ ઓછું હોય તેમ છેલ્લાં પાંચેક વર્ષથી યુટ્યૂબરોનો રાફડો ફાટ્યો છે. યુટ્યૂબર તો વ્યૂ મેળવવા અત્યંત ફેક થમ્બનેલ એટલે કે ખોટાં મથાળાં મૂકી દે છે. શેફાલી જરીવાલાનો જ કિસ્સો લઈએ તો, 'શેફાલીને ઝેર આપવામાં આવ્યું હતું, અને તેના પુરાવા મળ્યા', પરાગ ત્યાગી કૂતરાને લઈને નીકળે (પાળીતો કૂતરો હોય તો તેને મળત્યાગ કરાવવા માટે નીકળવું પડે) તો કહે- પતિ અસંવેદનશીલ છે. અરે ભાઈ! કોઈનું ચારિત્રહનન શા માટે કરે છે? શેફાલીનો પારસ છાબડાને આપેલો ઈન્ટરવ્યૂ જો. તેમાં પતિ તેની કેવી કાળજી લેતા હતા તેની તેણે વાત કરી છે. શું પત્રકારો ઊભા હોય ત્યારે તેની સામે રોવાનું નાટક કરવું તો જ તેને દુઃખ કહેવાય? ઘણાને પરિસ્થિતિ સંભાળવાની હોય તો રોવું ન પણ આવે. તેના મોઢા પર દુઃખ ન પણ લાગતું હોય.

મીડિયાએ સ્વયંશિસ્ત રાખવી પડશે. ચોવીસ કલાક સમાચાર જ આપે રાખવાના? શું બીબીસીની જેમ કોઈ બાબત પર એક કલાકનો વિગતવાર રિપૉર્ટ બતાવી ન શકો? સમાચારપત્રની પૂર્તિમાં પ્રતિ દિન અલગ-અલગ વિષય પર લેખો હોય છે. તેવું ન થઈ શકે? પહેલાં '૮૦ અને '૯૦ના દાયકામાં દરેક ગુજરાતી સમાચારપત્રની એક અલગ ઓળખ હતી. કોઈ છાપું રવિવારની પૂર્તિ માટે વંચાતું, કોઈ તેમાં (માત્ર ગુજરાત) સરકાર વિરોધી સમાચારપત્ર માટે, કોઈ તેના તંત્રીલેખ માટે વંચાતું, તો કોઈ ગામડાંના સમાચાર માટે, કોઈ વાચકોના પત્રો અને તેના પર તંત્રીએ આપેલા ઉત્તર માટે. આવું ક્યાં રહ્યું છે? એવું જ ટીવી સમાચાર ચેનલો બાબતે હતું. દરેક ચેનલની સમાચાર રજૂ કરવાની એક શૈલી હતી. પરંતુ સમય જતાં બધી ચેનલો એક સરખી થઈ ગઈ.

'ચૈન સે સોના હૈ તો જાગ જાઈએ' દાઢી અને ચોટલીવાળા ઓવરકોટવાળા ભાઈ આવું બોલીને અપરાધના સમાચાર રજૂ કરવા લાગ્યા એટલે બધી ચેનલોએ તેનું અનુકરણ કર્યું. હા, વચ્ચે સહારા પર 'આરકેબી શૉ' આવતો જેમાં અલગ-અલગ ક્ષેત્રની વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ આવતા. ગુજરાતીમાં દેવાંગ ભટ્ટ 'અતિથિ' શૉ કરે છે. તેમાં તાજેતરમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અપમૃત્યુ પામેલા પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ સંઘનું રાષ્ટ્રનિર્માણનું ગીત ગાયું હતું. કલ્પના કરી શકો? કે વિજય રૂપાણી ગીત ગાય? જોકે તેમના મૃત્યુ પછી 'વીરાંજલી' કાર્યક્રમમાં તેમણે ડાયરાના કલાકારો સાથે 'મેરા રંગ દે બસંતી ચોલા' ગાયું હતું તે વીડિયો ઘણો પ્રચલિત (વાઈરલ, યૂ નૉ !) થયો હતો.

એક ઈન્ટરવ્યૂ પદ્ધતિ પ્રભુ ચાવલાની હતી. તેઓ સામેવાળાને બોલવા જ ન દે. અને બહુ રફ પ્રશ્નો પૂછતા. આવી જ વાયડાઈ કરણ થાપરની પણ હતી. એક ને એક પ્રશ્ન પર તેમની પિન ચોંટી જાય. અને જમણેરીઓને જ ઘેરવાના. 'આપ કી અદાલત'માં રજત શર્મા અને 'લાલભાઈ ટોપ' પર સૌરભ દ્વિવેદી પોતાના માનીતાઓને ખુલવાની તક આપે છે પણ જમણેરીઓને તો ઘેરવાના જ. આચાર્ય ધીરેન્દ્ર શાસ્ત્રી અને અસદુદ્દીન ઓવૈસી તેમજ ત્રાસવાદી યાસીન મલિક વખતે રજત શર્માનો અલગ અંદાજ દેખાઈ આવે.

**વિચાર વલોણું**


જયવંત પંડ્યા

ઈવન, સામ્યવાદી જાવેદ અખ્તર પણ દેશ તરફી બોલે તો સૌરભ દ્વિવેદી કોઈ પ્રતિક્રિયા ન આપે. કોઈ માનશે કે સૌરભ દ્વિવેદી સંઘ વિચારની સંસ્થા સરસ્વતી શિશુ મંદિરમાં ભણેલા છે? તોય તેમની લાલભાઈ ટૉપમાં લાલભાઈ તરફી લોકો જ ટૉપ પર હોય છે એટલે વિકાસ દિવ્યકીર્તિનો રામાયણ અંગે એક વીડિયો થયો તો તેમાં શ્રી રામ વિશે ઉલટીસીધી વાત કરી અને વિવાદ થયો તો તરત તેમને સ્પષ્ટતાની તક આપી દીધી. નુપૂર શર્માને ન આપી. એ જ રીતે ઊંધો ઈતિહાસ રજૂ કરનાર રૂચિકા શર્મા હજુ તો વિદ્યાર્થિની જ હતી તેને સ્ટાર બનાવવાનું કામ સૌરભ દ્વિવેદીએ કર્યું.

એવું નથી કે આ બધા ભાજપ વિરોધી છે. ના, ભાજપના નેતાઓ સાથે તેમને બહુ સારું બને છે. ભાજપના નેતાઓ પણ પોતાને તેમની સેટેલાઈટ ચેનલો, યુટ્યૂબ ચેનલમાં ઈન્ટરવ્યૂ કરવામાં આવે તેમ ઈચ્છતા હોય છે. તાજેતરમાં મોદી સરકારના ૧૧ વર્ષ પૂરા થયા તે નિમિત્તે કેન્દ્ર સરકારે સૉશિયલ મીડિયા પર પોતાની અને પોતાના મળતિયાઓની સ્વઉક્તિ (મૉનૉલૉગ) ચલાવનારાઓનો કાર્યક્રમ રાખ્યો હતો. હવે એ તો જાણીતું છે કે જે ભાજપ સરકાર અને હિન્દુ વિરોધી પત્રકારોની યુટ્યૂબ ચેનલ છે તેના પર વ્યૂ, કૉમેન્ટ અને લાઈક ક્યાંથી આવે છે? તો એમાં કોઈ નવાઈ પામવા જેવું નથી કે આ લોકોની વ્યૂ, કૉમેન્ટ અને લાઈક વધુ આવવાની જ. આથી સરકાર અને તેના અધિકારીઓ તો લાઈક, વ્યૂ ને સબસ્ક્રાઈબર જ જુએ છે. કયા મોટા છાપામાં તમે લખો છો તે જ જુએ છે, પછી ભલે તમે તથ્યહીન ગપ્પાં મારતા હો કે ઔરંગઝેબ તો સારો હતો ને બાબર સેક્યુલર હતો.

હિન્દુવાદી ચેનલોને વ્યૂ ઓછા મળે છે કારણકે અનેક હિન્દુવાદીઓ જુએ છે તો ખરા પણ તેમને માત્ર શૅર કરવાની જ ખબર પડે છે. તેમાંય જો કોઈએ વીડિયો ડાઉનલૉડ કરેલો હોય તો તો ઓર મજા પડી જાય. તેમને કોઈ લેખકે મહામહેનતે ઘણા બધાં વાંચન, સંશોધન અને તે પછી નિરાંતે બેસીને લેખન કર્યું હોય તો તે લેખકનો લેખ કે ફેસબુક પૉસ્ટ તે લેખકના નામ વગર મોકલવાનો અનેરો આનંદ આવે છે. તે લેખકને ક્યારેય ફૉન કરીને કે સંદેશ મોકલીને પ્રોત્સાહિત નહીં કરે કે તમે પ્રવાહની સામે પડીને કમાણીની લાલચ છોડીને સંઘર્ષ કરીને, ચિંતન અને સંશોધન કરીને સારું લખો છો કે વીડિયો બનાવો છો. હા, ક્યાંય ભૂલ લાગશે તો ટકોર કરવામાં એક સેકન્ડની વાર પણ નહીં લગાડે.

સંઘ કે તેની સંલગ્ન સંસ્થાઓએ તેવા કોઈ વર્ગ કર્યા છે કે નહીં તે ખબર નહીં અને ન કર્યા હોય તો કરવા જોઈએ કે યુટ્યૂબ પર વીડિયોને પૂરો સમય જુઓ, તેને લાઈક કરો, તેના પર કૉમેન્ટ કરો અને પછી સમવૈચારિકને શૅર કરો તો તે યુટ્યૂબરને કમાણી થશે. ઘણા યુટ્યૂબર પોતાના બૅંક કે યુપીઆઈ આઈડી આપતા હોય છે કારણકે યુટ્યૂબ પણ ગૂગલનું હોવાથી તેનો ઝુકાવ ડાબેરી તરફી વધુ છે એટલે જયપુર ડાયલૉગ્સ હોય કે સંદીપ દેવ, તેમના વીડિયો ડાઉન કરી દેવા, બ્લૉક કરી દેવા, એકાઉન્ટ બ્લૉક કરી દેવું, કૉપીરાઈટ સ્ટ્રાઈક મારી દેવી, સબસ્ક્રાઈબરોને તેમના ફીડમાં પૉસ્ટ/વીડિયો ન દેખાય તેવું કરવું, તેવા અનેક કીમિયા કરે છે. હિન્દુવાદીઓ આમેય કેટલીક બાબતોમાં રણનીતિ ઘડવામાં દસ વર્ષ પાછળ હોય છે. હવે તેઓ નેરેટિવનું મહત્ત્વ સમજ્યા છે, પણ ત્યાં તો ડાબેરીઓ સૉશિયલ મીડિયામાં આધિપત્ય જમાવીને બેસી ગયા.

ફરી મીડિયાની વાત પર આવીએ તો, તમને છાતી પીટી-પીટી વીરતા દાખવવાનો એટલો જ શોખ હોય તો કરો ને બધા જ પંથની અંધશ્રદ્ધા વિશે શૉ. જાવ ને જ્યાં ગેરકાયદે મદરેસા, મસ્જિદ, મજાર બની હોય ત્યાં. યુટ્યૂબર ચેનલ 'રાજધર્મ'ના મહિલા એન્કર રચના તિવારી જેવી વીરતા દાખવી તો જુઓ. દિવાળી પર મીઠાઈની દુકાનમાં પહોંચી જઈ અંદર રસોડામાં તમે દાદાગીરીથી પ્રશ્ન પૂછો, પણ ઈદ અને ક્રિસમસ પર મટનની દુકાનમાં કેટલી સ્વચ્છતા રખાય છે, બિયર અને દારૂ બનાવવામાં શું ધ્યાન રખાય છે- શું નથી રખાતું, હૉટલોમાં કૉલગર્લને બોલાવાય છે, તેના પર તો રિપોર્ટિંગ કરો. અને તમને કરુણા માત્ર ગેરકાયદે બાંગ્લાદેશીઓનાં ઘર ચંડોળા તળાવમાં તોડી પડાય ત્યારે જ ઉપજી આવે છે? શું ટીઆરપી અને વ્યૂઝ દેશની સુરક્ષાથી પણ ઉપર હોય? ક્યારેય પાકિસ્તાનથી ભાગલા સમયે ત્યાંથી યાતના આપીને કાઢી મૂકાયેલા સિંધી સહિતના હિન્દુ-શીખોનો તો ઈન્ટરવ્યૂ કરો. ૧૯૯૦માં કાશ્મીરમાંથી કાઢી મૂકાયેલા કાશ્મીરી પંડિતોનો તો ઈન્ટરવ્યૂ કરો. તમે મુર્શિદાબાદ કે સંદેશખાલીની તો ક્યારેક વાત કરો. બરાડા પાડીને છાતી પીટીને આંગળી દેખાડીને આક્રોશ બતાવીને બોલવું એ પત્રકારત્વ નથી જ. નાટક છે. ■

jaywant.pandya@gmail.com

# અસંમતિ-વિરોધ અને નફરત વચ્ચે ભેદરેખા પાતળી છે

દેશમાં એક નેતા ઘણા સમયથી વીર સાવરકરના એક પત્રનું સ્વઅર્થઘટન કરીને સાવરકરના જીવનપર્યંત બલિદાનને મિથ્યા ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. છેક લંડન જઈને ઘોષણા કરી આવે છે કે આ સંગઠન કટ્ટરપંથી અને ફાંસીવાદી છે. કહેવામાં આવે છે કે આરએસએસ મુસ્લિમ બ્રધરહૂડની તર્જ પર બન્યું છે. સંસદમાં, સંસદની બહાર આ વાત દોહરાવવાનો કોઈ મોકો છોડવામાં આવી રહ્યો નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગેએ કોઈપણ જાતના સાંકળતા પ્રસંગ, ઘટના વિના એક નિવેદન બહાર પાડ્યું કે જો અમે કેન્દ્રમાં સત્તામાં આવશું તો આરએસએસ પર પ્રતિબંધ મૂકી દઈશું. આ એક તરીકો છે, ચોક્કસ ચરણોમાં સાષ્ટાંગ દંડવત કરીને હાજરી પુરાવવાનો કે અમે પરિવારની વિચારધારાને આક્રમક રીતે આગળ વધારી રહ્યા છીએ. કોંગ્રેસની સાવરકર પ્રત્યેની ધ્રુણા આજકાલની નથી. રાહુલ ગાંધી દ્વારા ઘણા નિવેદનોમાં આ ધ્રુણા છલકતી દેખાઈ આવે છે. કોંગ્રેસ દ્વારા સાવરકર અને આરએસએસનો આટલો વિરોધ કેમ કરવામાં આવે છે ? દેખીતું કારણ આગળ ધરવામાં આવે છે એ એવું છે કે કોંગ્રેસ માની રહી છે કે ગાંધીજીની હત્યામાં આરએસએસનો હાથ હતો. કોંગ્રેસ આ સંગઠનનો વ્યાપ, તાકાત અને સમર્પણ બખૂબી જાણે છે. ભાજપ આ સંગઠનના ગોત્રમાંથી જ આવે છે એ પણ જાણે છે. આ સંગઠન ભાજપની અસલી તાકાત છે એ પણ જાણે છે. સંઘ પર હુમલો આડકતરી રીતે ભાજપ પર હુમલો જ છે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. જયારે સરકારને ઘેરવા માટે ખાસ અસરકારક મુદ્દાઓ નથી ત્યારે સંઘ પર હુમલો કરીને ભાજપને ઉશ્કેરતો રહેવો એ રણનીતિ હોઈ શકે છે. સરકારના વિરોધ મુદ્દે દરેક નેરેટીવ તોડી પાડવામાં આવે છે ત્યારે કોઈ એવો મુદ્દો કે જેનો કોઈ ચોક્કસ ખુલાસો જ ન હોઈ શકે, કોઈ એવો આક્ષેપ કે જેનો જવાબ આસાનીથી નકારી શકાય, લાંબા સમય સુધી કામ કરે છે.

આ શાશ્વત વિરોધના ઝુમખામાં સંઘ ઉપરાંત દેશના બે ત્રણ અગ્રગણ્ય ગુજરાતી ઉદ્યોગપતિઓ, બંધારણ, લોકશાહી, અઘોષિત કટોકટી જેવા ચિરંતન મુદ્દાઓ સામેલ છે. દેશના બંધારણ દ્વારા સ્થાપિત અને સંચાલિત દેશની કરોડરજ્જુ જેવી સંસ્થાઓમાં વારે વારે અવિશ્વાસ વ્યક્ત કરવો અને તેના કાર્યો સામે સવાલો ઉભા કરતા રહેવા, દેશના કોઈપણ મુદ્દે દેશની વિરુદ્ધમાં જે હોય તેની સાથે જઈને ઉભું રહેવું, દેશને તોડતી તાકાતોને સાથ આપવો કે સતત મજબૂત બનાવતી રહેવી, કોઈપણ જગ્યાએ દેશ અંગે કોઈ સારી ભાવના હોવાનું સાબિત થતું નથી. દેશમાં બંધારણને બદલવાની હિલચાલ ચાલી રહી છે.... દેશમાં લોકશાહી ખતરામાં છે..... દેશમાં અઘોષિત કટોકટી ચાલી રહી છે..... વડાપ્રધાન ફલાણા ફલાણા મુદ્દે દેશને ગુમરાહ કરી રહ્યા છે.... સરકાર સંસદમાં બોલવા નથી દેતી..... જેવા વિરોધના નિવેદનો તમે ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેની સામે ફેંકી શકો છે. એ માટે તથ્યો રજૂ કરવાની જરૂર રહેતી નથી. હા, ક્યારેક કોઈ દાવો કોર્ટમાં પડકારે તો ત્યાં જઈને માફી માંગી લેવાથી મામલો પતી જાય છે. દેશી ભાષામાં એને થુકેલું ચાટવું કહેવાય છે.

**રાજકીય રસધાર**


પ્રવીણ માધાણી

દરઅસલ આ બધી બાબતોના મૂળિયા ખુબ ઉંડા છે. ધર્મ નામના શબ્દે પહેલીવાર હિન્દુસ્તાનની સરજમીન પર ખુલ્લી હવામાં સ્વચ્છ શ્વાસ લીધો છે. હજારો વર્ષોથી વિધર્મીઓની ઠોકરો ખાતી હિંદુ આસ્થાનું લાલઘુમ સ્વરૂપ બહાર આવ્યું છે. જે આસ્થાને પગની એડી તળે મસળતા રહેવાની જેમને ટેવ હતી એ પગ તળેની જમીન જ સરકી ગઈ છે. જે સ્થાપિત વોટબેંક હતી તેમાં સેંધ લાગી ગઈ છે. સત્તા છૂટ્યે એક દાયકા ઉપરનો સમય વીતી ગયો છે. દરબારીઓની ભીડ ઓછી થતી જઈ રહી છે. પક્ષના એકલદોકલ ચાટુકારો સિવાય કોઈ તમારી ભાષા નથી બોલતા. તમારી આ દેશ માટેની ઘાતક માનસિકતાને લઈને પક્ષના એક પછી એક મોટા ગજાના નેતાઓ પક્ષ છોડીને નીકળી રહ્યા છે. બહાર નીકળીને મોદી અને તમારી સરખામણી અનુક્રમે એફ-૧૬ ફાઈટર અને રીક્ષા સાથે કરી રહ્યા છે, એ પક્ષમાંથી શું જોઈને બહાર નીકળ્યા છે ? તમારી આજુબાજુ બેઠેલા તમારા સલાહકારો તો સવાયા દેશવિરોધી નિવેદનો ઓકી રહ્યા છે. એમના વિરોધ અને નફરતની ભેદરેખા પાતળી છે. વિરોધ કોઈ નીતિ, નિર્ણય, યોજના, આયોજન પ્રત્યે અસંમતી આધારે હોય છે, નફરત માન્યતા, પૂર્વગ્રહ આધારિત હોય છે. 'ફોરમ ઓફ ડેમોક્રેટિક લીડર્સ ઈન ધ એશિયા પેસિફિક' નામની એક સંસ્થા છે. જેને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસનું ફંડિંગ છે. આ જ્યોર્જ સોરોસ જાહેરમાં કબૂલી ચુક્યા છે કે તેણે મોદી સરકારને અસ્થિર કરવા એક બિલિયન ડોલરનું ફંડ કામે લગાડ્યું છે. આ સંસ્થા તેની વેબસાઈટ પર પાકિસ્તાનના ગુણગાન ગાય છે અને ભારતની લોકશાહીને ગાળો આપે છે. કાશ્મીરને સ્વતંત્ર બતાવે છે, વાત ત્યાં પૂરી થાય છે કે આ સંસ્થાના ચાર પૈકી એક કો-પ્રેસિડેન્ટ શ્રીમતિ સોનિયા ગાંધી છે. શા માટે ભારત વિરોધી એલીમેન્ટ્સની સાથે ઉભું રહેવું પડે છે ? શા માટે એવા દેશોના સમર્થનમાં બોલાઈ કે લખાઈ જાય છે જે ભારતના દુશ્મનો છે ? શું કારણ છે કે કોઈ ભાવનાત્મક મુદ્દે દેશ આખો એકજૂટ હોય છે ત્યારે તમે સામા કાંઠે દેખાઓ છો ? કોંગ્રેસે વાપસી કરવી હશે તો આ માનસિકતા છોડવી પડશે. નવું નેતૃત્વ સ્વીકારવું પડશે. એક્સ્પેરીમેન્ટ એરામાંથી બહાર આવવું પડશે. દેશની ભાવનાઓ વિરુદ્ધ ચાલીને ક્યારેય સત્તા નહિ મળે, સામે ભીંત પર લખેલું વાંચી સમજી લેવું પડશે. દરેક મુદ્દે કોઈ પક્ષ વિરુદ્ધ રહેવું રાજનીતિ હોઈ શકે છે, પણ એકાદ મુદ્દે પણ દેશ વિરુદ્ધ રહેવું રાજકીય આત્મહત્યા છે. ■

production@infiniumpharmachem.com

# મેરે નૈના સાવન ભાદો પછી શું?

**હાસ્યાય નમઃ**


ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) મેરે નૈના સાવન ભાદો પછી શું?

દર્શન પટેલ (વડોદરા)

ફિર ભી મેરા મન પ્યાસા ફિર ભી મેરા મન પ્યાસા..(બે વખત).

(૨) ટકાના ટેકા, ટેક, ટકે કેમ નહીં ?

ડાહ્યાભાઈ આદ્રોજા(લીલિયા મોટા)

હવે મને બાઉન્સર કોને કહેવાય એ સમજમાં આવવા માંડ્યું છે!

(૩) માણસ એકલો જાંબુ ખાતો હોય ત્યારે પહેલા નાના કદના જાંબુ ખાય છે અને છેલ્લે મોટા; પણ ગ્રુપમાં બેસીને ખાતો હોય ત્યારે તેનાથી ઊલટું કરે છે. એવું કેમ ?

કનુભાઈ પરમાર (દામનગર)

આખા દામનગરમાં ક્યાંય એક સરખા માપના જાંબુ નથી મળતા?

(૩) ડુંવાળું ચડયુ એમ કેમ કહેતા હશે?

કટારિયા આશા હિંમતભાઈ (કીડી)

બહારગામ જવાનું હોય એ જ વખતે વાદળું ચડી આવે એટલે ગુસ્સામાં કોઈક આમ બોલી જતું હશે.

(૫) ચક્રમ કોને કહેવાય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

એકબીજાને.

(૬) પંચાગ કોણે કાઢયું?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

ગોરદાદા બહારગામ જતા રહ્યા હોય એ જ દિવસે જેને મુહૂર્ત જોવાની જરૂર પડી હશે એણે.

(૭) મહિલાઓને સેંથામાં સિંદૂર હોય એટલે ઓળખાય જાય કે પરણેલા છે તો પુરુષોને કેમ ઓળખવા?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

મૂંઝાયેલો ચહેરો.

(૮) વરસાદમાં પલળીને ઘેર જઈએ તો પણ પરસેવો વળે છે. એમ કેમ થતું હશે?

શંભુ ખાંટ 'અનિકેત' (પાટ્યો અરવલ્લી)

બન્ને સાથે બહાર જવાનું રાખો. એટલે ઘેર જતી વખતે પરસેવો નહી વળે.

(૯) મારો એક મિત્ર અક્કલમઠ્ઠો છે. એને સુધારવાનો કોઈ ઉપાય?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

તમારો એ મિત્ર પણ આ સવાલ પૂછતો હતો!

(૧૦) "જાનમાં કોઈ જાણે નહી ને હું વરની ફુઈ" તો કોઈએ આ ફુઈની ઓળખાણ નહી માગી હોય?

રમાબેન પટેલ (અમદાવાદ)

નાચવામાંથી નવરા થાય તો પૂછે ને. ..અને એક જણે પૂછ્યું હતું પણ ડી.જે.ના ઘોંઘાટમાં સંભળાયું નહી.

(૧૧) સાહેબ..! દુઃખ એટલે શું..?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

કુંવારા માટે લગ્ન નથી થતા એ દુઃખ અને બાકીના માટે લગ્ન થઈ ગયા એ દુઃખ!

(૧૨) હાથની નસ કપાઈ જાય તો માણસ મરી જાય તો આખો હાથ કપાઈ જાય ત્યારે માણસ કેમ નહીં મરતો હોય? આસિફ કાદરી (રાજુલા)

આ જવાબ તો મેડિકલના પહેલા વર્ષમાં ભણતા હોય એ વિદ્યાર્થીને પણ ખબર હોય. હું તો ઘણા સમયથી ડોક્ટર છું.

(૧૩) ભેંસને ડોબાનો પર્યાય કેમ આપેલ છે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ભેંસ સહન કરે છે એટલે. બાકી કોઈ ડોબાને ભેંસ કહી જુઓ!

(૧૪) મહિલા સરપંચ બને અને કોઈ કારણસર રિસામણે જતી રહે તો ગામની જવાબદારી કોની?

હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)

એવું ક્યાં લખ્યું છે કે પિયર રહીને સસરાના ગામનું સરપંચપણું ન કરી શકાય?

(૧૫) કેમ છો...એમ કેમ બધા પૂછે છે?

બાલુભાઈ કિકાણી (લીલીયામોટા)

છો જ કેમ?- એવું તો ન પૂછાયને! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# બધા સંતાનો માટે માતાપિતાનું જીવન કંઈ આદર્શ હોતું નથી



સંસારમાં ક્યારેક સામુદાયિક સંકટ આવે છે. એક તો વ્યક્તિગત દુઃખ હોય છે એમાં સામૂહિક દુઃખ ઉમેરાતા જિંદગી એક દુર્ઘટના જેવો વળાંક લે છે. કોરોનાને કારણે આ સ્થિતિ ઊભી થઈ હતી તે યાદ હશે. જો કે દરેક દુઃખનો એક ઉપકાર એ હોય છે કે મનુષ્યમાં સજ્જનતા વધે છે. એને ભગવાન અને માતાપિતા યાદ આવે છે. કારણ કે તેઓ આપણું સર્વકાલીન શીતળ છત્ર છે. સંસારમાં કોઈ પણ માતા-પિતા એવું તો ઈચ્છતા જ નથી કે પોતાના સંતાનો પોતાની કાર્બન કોપી જીવન જીવે. હા, કેટલાક કિસ્સાઓમાં એવું બને છે ખરું કે દરેક બિલ્ડર ઈચ્છે કે પોતાનો દીકરો સિવિલ એન્જિનિયર થાય અને દરેક ડોક્ટર ઈચ્છે કે એમના સંતાનો પણ ડોક્ટર થાય. એની પાછળનું કારણ એ છે કે તેમણે ઊભો કરેલો ભવ્ય વ્યાવસાયિક વારસો અને શાખ તેઓ સંતાનોને સોંપી શકે. પરંતુ એમાં પણ માતા-પિતા ધારે છે એવું હંમેશા થતું નથી.

એના પણ કેટલાક કારણો છે. જેમ કે આપણા એક ડોક્ટરના સંતાને તેમના માતા-પિતાને સ્પષ્ટ સંભળાવી દીધું છે કે હું જિંદગીમાં ડોક્ટર તો થવાનો જ નથી, કારણ કે મેં જોયું છે કે તમે લોકો તમારી લાઈફ એન્જોય કરી શકતા નથી અને એકધારા પૈસાની પાછળ પડ્યા છો. અરે હું નાનો હતો ત્યારે તમારી પાસે મારી સાથે વાત કરવાનો સમય પણ ક્યાં હતો ? આમ ક્યારેક સંતાનો માતાપિતા પાસેથી જિંદગીમાં શું ન થવું એ પણ શીખતા હોય છે. બધા સંતાનો માટે માતાપિતાનું જીવન કંઈ આદર્શ હોતું નથી. નવી પેઢી પોતાના માતાપિતાની ભૂલો પોતાની જિંદગીમાં સુધારી લે છે.

સરકારમાં નોકરી કરતા કેટલાક અધિકારી કે જેઓએ સખત ભ્રષ્ટાચાર કર્યો છે અને હજુ બેફિકર કરે છે તેમના સંતાનોને પાકી ખબર છે કે પાપના પૈસાએ તેમના ઘરમાં કેટલી અશાન્તિ ફેલાવી છે. કેટલાક કિસ્સામાં તો આ સંતાનો પોતાની જિંદગીના તમામ દુઃખ માટે એમના પિતાએ કરેલા ભ્રષ્ટાચારને જ જવાબદાર માનતા હોય છે. એક સર્વેક્ષણ અનુસાર સામાન્ય રીતે એ લોકો જ ભ્રષ્ટ અધિકારી હોય છે જેમને તેમના માતાપિતા પાસેથી પ્રેમ ન મળ્યો હોય.

માતાપિતા વચ્ચે કોઈ અણબનાવ હોય કે લગ્નવિચ્છેદની ઘટના હોય તેવા સંતાનો આગળ જતાં ભ્રષ્ટાચારી નીવડતા હોય છે અને કેટલાક તો ઈતર પ્રકારના અપરાધી પણ હોય છે. પરંતુ જેમને માતાપિતાનો પ્રેમ પૂરતો મળ્યો હોય તેમનામાં સજ્જનતા ખૂબ ઊંચા પ્રકારની હોય છે. શાળાઓ ઉત્તમ નાગરિક થવાના સંસ્કાર આપે છે પરંતુ શ્રેષ્ઠ મનુષ્ય થવાના સંસ્કારની મુખ્ય ધારા તો માતાપિતા પાસેથી જ પ્રાપ્ત થાય છે.

જેમના પર માતાપિતાની કૃપા હોય તેઓ ઘણી બધી રીતે સદભાગી હોય છે. કારણ કે સદાય જેઓ તમારા વિશે સપનામાં અને ગુસ્સે થાય તો પણ શુભ અને શુભ જ વિચારે છે એવા તો આ સંસારમાં માતાપિતા એક જ છે. બીજાઓ પણ આપણું કલ્યાણ ચાહતા જ હોય છે પરંતુ આપડી ભૂલચૂક વેળાએ પ્રસંગોપાત જો તેઓ ગુસ્સે થાય તો એમના વિચારોમાંથી આપડા પ્રત્યેનું શુભતત્ત્વ લાપતા થઈ જાય છે. પછી પાછા ભવિષ્યમાં તેઓ સારું વિચારતા થાય છે. પરંતુ અખંડ શુભ વિચારો તો માતાપિતાના હૈયે જ માળો બાંધે છે.

**ક્યારેક સંતાનો માતાપિતા પાસેથી જિંદગીમાં શું ન થવું એ પણ શીખતા હોય છે**

સ્પર્ધાત્મક યુગની શરૂઆત થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ માટે નહીં પણ બધા માટે. એન્ટ્રન્સ ટેસ્ટના આ યુગમાં ફક્ત વિદ્યાર્થીઓ કે શિક્ષકોની કસોટી લેવાય છે એવું નથી. વીસમી સદીના બીજા દશકના અંત નજીક આપણે છીએ અને અત્યારે સૌથી વધુ સ્પર્ધાનો સામનો કોઈ કરતા હોય તો તે મા-બાપ છે. વાલી તરીકે ઓળખાતા મા-બાપ કોની સાથે સ્પર્ધામાં છે? ખુદની સાથે. આજના મા-બાપ પોતાના માટે જ અજાણતા સ્પર્ધા ઊભી કરી રહ્યા છે. માનવ-ઈતિહાસનો આ એવો દૌર છે કે માનવજાતિના સંતાનો પાસે સૌથી વધુ દિશાઓ છે રમવા માટે. એ દિશાઓ મા-બાપે જ અજાણતા બતાવી છે અને થોડા સમય પછી ફરિયાદ કરે છે તેના બાળકો તેમણે કહેલી દિશામાં ગમન કરતા નથી !

સપ્તરંગ
**દિલીપ ભટ્ટાચાર્ય**

સહેજ ફ્લેશબેકમાં જાઓ અને વિચારો. છેલ્લે તમે જાહેર સ્થળમાં કે જાહેર સમારંભમાં કયા બાળકને રડતું સાંભળ્યું ? બે-ત્રણ વર્ષનું બાળક કજીયો કરે અને સિનેમા જોવા આવેલા મમ્મી કે પપ્પાએ એને તેડીને બહાર લઈ જવું પડે એ મનોહર દ્રશ્ય છેલ્લે ક્યારે દ્રશ્યમાન થયેલું ? એક બાળક જે જિદ્દી થઈ ગયું હોય અને એની સેવામાં પરિવારના બે-ત્રણ વડીલો લાગ્યા હોય એ ઘટના છેલ્લે કયા પડોશીમાં જોયેલી ? નહીં. યાદ નહીં આવે કે આવું કાઈ જોયું હોય. કારણ છે, મા-બાપ એના રડતા બાળકને મોબાઈલ ફોન થંભાવી દે છે.

રમકડાં શોભાના પૂતળા બનીને એક ખાનામાં પડ્યા રહે છે અને બાળક યુટ્યુબના વીડિયો સ્કોલ કરતો રહે છે. શું આ ઘટનાને ખરાબ ટેવ કહીશું ? ના. આ મા-બાપે પોતે જ ઊભી કરેલી પોતાના માટેની સ્પર્ધા છે. મા-બાપ જાણે એના બાળકને કહી રહ્યા છે કે તું અમારા કરતા વધુ વર્ચ્યુઅલ દુનિયાના ખોળામાં રહે બેટા. અને અહીંથી શરૂ થાય છે મા-બાપનો પોતાના જ વિરુદ્ધ જંગ. આજના દરેક મા-બાપે પોતે જન્મદાતા છે એ હકીકત હોવા છતાં ભૂલી જવાની જરૂર છે. જેમ ડોક્ટર ભગવાનનું સ્વરૂપ હોય છે એવું આપણે કહેતા હોઈએ છીએ પરંતુ પ્રોબ્લેમ ત્યારથી શરૂ થાય જ્યારે ડોક્ટરો ખુદ આવું માનવા લાગે. એ જ રીતે મા-બાપ જન્મદાતાથી ઘણું વિશેષ છે.

જન્મ આપવો એ જૈવવૈજ્ઞાનિક પ્રક્રિયા છે જે સમષ્ટિમાં રહેલા કરોડો ગુણ્યા કરોડો જીવોને આવડે છે. મનુષ્યો કરતા વધુ કષ્ટ વેઠીને પ્રાણીઓ એના સંતાનને જન્મ આપે છે. બેક્ટેરીયા તો પોતાના શરીરના બે ટુકડા કરીને કોષવિભાજન દ્વારા સંતતિ પેદા કરે છે. આજના મા-બાપ આ જ વિજ્ઞાન એના બાળકોને ભણાવશે અને પછી એવું લેકચર આપે છે કે નવ-નવ મહિના સુધી તકલીફ વેઠીને તેઓએ તેમને જન્મ આપ્યો. અને એનાથી વધુ તકલીફો વેઠીને ઉછેર કર્યો.

બાળક સમજણું થાય અને આ દુનિયાને સમજવાની કોશિશ કરતું થાય ત્યારથી મા-બાપની ખરી કસોટી શરૂ થાય છે. બાળક પોતાની રીતે દરેક રંગ, દરેક આકાર, દરેક કદનું અર્થઘટન કરશે. કારણ કે આપણે જ એવુ ઈચ્છીએ છીએ કે બાળક મોટુ થઈ જાય. પ્રોબ્લેમ ત્યાં થાય કે વાલીના પોતાના અર્થઘટનો બાળકના પોતાના નિર્દોષ અર્થઘટનો સાથે અથડાય. બાળકનું બાવડું નથી પકડવાનું. બાળકના ખભે હાથ રાખવાનો છે. બાળકને તૈયાર કરવાના હેતુસર કે દુનિયાદારી શીખવવાના હેતુસર એને ડરાવવાનું નથી. એને એ ધરપત આપવાની છે કે તું દોડ, પડી જઈશ તો વાંધો નહીં, હું છું ને તારી સાથે. બાળકને ફક્ત વાલી કે મિત્ર નહીં સાથીદાર પણ મળવા જોઈએ ■

# વેણ રાખો તો દઉં એક નામ



સંજય ઓફિસથી સાંજે ઘરે આવ્યો કે પાણીનો ગ્લાસ આપણાં એકદમ ખુશ ખુશ દેખાતી સોનલે ઉમળકાથી કહ્યું : " આજે બપોરે મારા પપ્પાનો ફોન આવ્યો હતો : અશોક હવે તૈયાર થયો છે અને પપ્પાને હા પાડી છે. પપ્પાએ કહ્યું છે કે સંજયકુમારને કહેજે કે સ્હેજ ઉતાવળ રાખે. આમને આમ ભાઈને પાત્રીસ પુરા થવા આવ્યા." "ભાઈ બહુ નાચ્યા...." સંજયના મોઢે આ શબ્દો આવી ગયા પણ પત્નીનું દિલ દુભાશે એમ સમજીને મૌન રહ્યો અને પત્નીના ખુશહાલ ચહેરા સામે તાકી રહ્યો.

"તો પછી હું શું કહુ છું કે..." પાણીનો ગ્લાસ પરત લેતા સોનલ ઉત્કંઠાથી કહેતી હતી : "તમે ભટ્ટભાઈને પૂછી જ જુઓને તેમની દીકરી વૈશાલીને તો મેં જોઈ જ છે કેટલી સરસ દેખાય છે ભલે છાંડેલી છે પણ અશોક એને જોઈને તરત જ હા પાડી જ દેશે ! તમે જરા ફોન..." "એ વાતને આજે છ મહિના થવા આવ્યા અને ભટ્ટભાઈની બદલી થઈ તેને ય ત્રણ મહિના થઈ ગયા. વૈશાલીનું શું થયું એ તો મનેય ખબર નથી. " "વાત કરો તો ખબર પડે ને ? " સોનલે ઉતાવળા થતા કહ્યું : "પ્રસ્તાવિક ફોન કરીને એમને હા પાડી જ દો." ભાઈનું 'ઘર' બંધાવાની હોંશમાં ને હોંશમાં સોનલે પતિએ ટીપોય ઉપર મુકેલો મોબાઈલ અંબાવતા કહ્યું : "લો એકવાર વાત કરી લોને ?" સંજયે ફોન લગાડયો. ફોન સ્પિકર ઉપર જ રાખ્યો હતો. બદલી થયા પછી નવા તાલુકાનું વાતાવરણ અને સ્ટાફ વિશે થોડી વાત કરી સંજયે કહ્યું : "ભટ્ટજી.... પછી તમને જવાબ આપવામાં વિલંબ થઈ ગયો અને હું ય થોડા કામમાં પડી ગયો હતો... આપણે બેન માટે જે વાત કરેલી એ બાબતે અમે આગળ વધવા માગીએ છીએ. ભલે જે કંઈ હોય પણ..." " સંજયભાઈ થોડાંક મોડા પડયા..." ભટ્ટભાઈએ નિખાલસતાથી કહ્યું : "હજી અષાઢી બીજે જ વૈશાલીનું નક્કી કર્યું. સાચું કહું તો તમારી જવાબની રાહ ખૂબ જોઈ પણ પછી માન્યું કે જવાબ આપવામાં તમારીય કોઈક મજબૂરી હશે બાકી સોનલબેનના પરિવારમાં થતું હોત તો હું બીજે કયાંય ના કરત! ખેર, છોકરો બીજવર જ છે પણ કોઈ છૈયું છોકરૂં નથી. તેની પહેલી પત્ની કોરોનામાં ચાલી ગઈ પછી એ છોકરાનું મન બીજે કયાંય લાગતું નહોતું. પણ આપણી વૈશુને જોયા પછી એ ઢળ્યો. આમ તો છોકરો, ઘર પરિવાર ખુબ સીધા છે. પહેલામાં તો આપણે થાપ ખાઈ ગયા પછી 'દૂધનો દાઝયો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે'નો સમય આવ્યો છે. પણ અત્યારે તો બધું સારૂં લાગે છે બાકી તો એની જિંદગી ઉપરવાળાને હાથ...! " એક બાપની લાગણી તેમના શબ્દોમાં તરવરતી હતી. થોડું અટકીને એ બોલ્યા : "તેમ છતાં તમારા સાળા માટે હું ટ્રાય કરતો રહીશ કયાંક એવું બરાબરીનું કુંટુંબ મળશે તો જરૂર તમને કેવરાવીશ." ફોન પૂરો થયો અને સોનલ નિરાશ થઈ બેસી પડી. : " અને પછી ભાઈ ઉપર વરસી પડી : "એક આ અશકાએ દિ' દીધા છે. આટલી બધી છોકરીઓ બતાવી પણ કયાંય હા પાડી જ નહી. હવે આ ઉંમરે તેને અપ્સરા જોઈએ છે. નવરી બેઠી હશે કયાંય એની રાહ જોઈને ?? જવાબ આપવામાં આટલા થાંથાવેડા કર્યા ને વૈશાલી જેવી મસ્ત છોકરી હાથમાંથી ગઈ..." ગુસ્સાનું સ્થાન દર્દએ લીધું અને તેની આંખમાં પાણી આવી ગયા. સંજયે પાસે બેસીને તેને આશ્વાસન આપ્યું : "એમાં તારો વાંક નથી. એ ભાઈ જ બધી રીતે જવાબદાર છે. આમને આમ બાપુજીનું બી. પી. વધાર્યા કરશે!! "

---

આ વાતને લગભગ પોણો મહિનો થયો હશે કે એક દિવસ કયાંકથી સોનલના વોટસએપ ઉપર સંજુ દસ બાર વરસ પહેલા ગઢપુર તાલુકામાં નોકરી કરતો હતો એ તાલુકાની ઈરીગેશન ઓફિસમાં નોકરી કરતા એક સ્ત્રી અને એક પુરૂષે સજોડે દવા પીને આપઘાત કરી લીધાનો મેસેજ આવ્યો એટલે સોનલ ચમકી. આમ તો આવા સેડ ન્યૂઝ તે બહુ વાંચતી નહી પણ ગઢપુર ઈરીગેશન કચેરીનું નામ વાંચ્યા પછી તેને થયું કે આ કોણ હશે ? ઉપર એક સ્ત્રી અને પુરૂષનાં ડેડ બોડીના ફોટા હતા અને ઉપર લખ્યું હતું : 'લગ્નેત્તર સંબંધોનો કરૂણ અંજામ !" એના મોઢામાંથી નીકળી ગયું : " આ મોબાઈલે પણ હદ કરી છે ને કાંઈ !! " સાંજે જયારે સંજય ઓફિસથી ઘેર આવ્યો ત્યારે સોનલે ઉત્કંઠાથી પૂછયું : મેં તમને મેસેજ મોકલ્યો એ વાંચ્યો કે નહીં ? ગઢપુર તાલુકાની કોઈ ઈરીગેશન ઓફિસમાં નોકરી કરતી કોઈ લેડિઝે એ જ ઓફિસમાં નોકરી કરતા કોઈ પુરૂષ સાથે મળીને દવા પીને આપઘાત કરી લીધો. તમે ત્યાં નોકરી કરી છે એટલે કદાચ ઓળખતા હો !" "ગઢપુરમાં ? ઈરીગેશન ઓફિસમાં જ દવા પી લીધી ? " સંજય આશ્ચર્યાઘાતમાં સરી પડતા બોલ્યો : " ત્યાં તો ઘણાં બધાને ઓળખું " " તો મેસેજ જોઈ લો." સોનલે કહ્યું : " મને એમ કે તમે મેસેજ વાંચી લીધો હશે." " ના રે ના... કામમાં ને કામમાં મેં વોટસઅપ ખોલ્યું જ નથી." ખિસ્સામાંથી મોબાઈલ કાઢતા સંજયે કહ્યું અને મોબાઈલ નેટવર્ક ઓન કરી સોનલે મોકલાવેલા મેસેજને ઝૂમ કરીને જોયો. અંદર સ્ત્રી, પુરૂષના લગ્નેત્તર સંબંધોની ટીકા કરીને સ્ત્રી પુરૂષના નામ લખ્યાં હતા પણ કોઈ વિશેષ ઓળખાણ ન પડી. સોનલે પૂછયું : "તમે ઓળખો છો ?" "ઓળખતો તો નથી પણ બેચરને પૂછી જોઉં" પોતે જયાં પહેલા નોકરી કરતો હતો એ ઓફિસના પટ્ટાવાળા બેચરને ફોન કર્યો કે બેચરે ધડાકો કર્યો "એ જે ભાઈ છે એ આપણી ઓફિસના જુનિયર કલાર્ક શીલાબેનના ઘરવાળા છે તમને તો ખબર ન હોય, કારણ કે તમે હતા ત્યારે શીલાબેનની સગાઈ થઈ નહોતી. ઓફિસમાં અમદાવાથી બદલી થઈને એક બાઈ અહી આવી તેને આ શીલાબેન અને તેમના ઘરવાળાએ રહેવા કારવવાની બધી વ્યવસ્થા કરી દીધી. આવરોજાવરો વધ્યો એમાં એ બાઈનો ઘરવાળો તો શનિ - રવિની રજામાં કયારેક આવે પણ શીલાબેનના ઘરવાળા ચંદુલાલ સાથે તે બાઈની આંખ મળી ગઈ. શીલાબેન તો ભોળા એમને તો કંઈ ખબર જ ન પડી પણ ઓફિસમાં એકવાર બેય જણાને પટ્ટાવાળો જોઈ ગયો ને વા' વાત લઈ ગયો ! છિનાળવું ઢાંકયું રહે ? શીલાબેન પહેલા તો રડયા પછી આપઘાત કરી લેવાની ધમકી આપી કે ચંદુલાલ ડરી ગયા. પેલી બાઈના પતિને પણ ખબર પડી. આ બાજુ શીલાબેનને એક આઠ દસ વરસની દીકરી અને ઈ બાઈને ત્યાં બે દીકરા છે. પણ પાછું ફરીને જોયા વગર જ બે દિ' પહેલા બેય જણાએ સાંજે ૬ વાગ્યા પછી બધા વહ્યા ગયાને દવા ગટગટાવી લીધી. ફોટા જોયા ને સંજયભાઈ... ખાલી ખોળિયા જુદા લાગે બાકી જીવતો બેયનો એક જ..." "અરે ભગવાન..." સંજયના મોઢેથી અરેરાટી છુટી ગઈ. શીલા જેવી ભોળી છોકરીને માથે આ વિપત પડી ? બહુ કરી..." એણે સોનલને શીલા જુનિયર કલાર્ક તરીકે હાજર થઈ ત્યારની તેના ભોળપણની, માસુમિયતની, તેના ગરીબ ઘરની પરિસ્થિતિની તમામ વાત કરી. "અને... આ એક લઠ્ઠ ચંદુલાલ..." સંજયે આક્રોશ કાઢ્યો : " સતી સીતા જેવી શીલાને મૂકીને પરસ્ત્રીની સોડમાં ભરાણે ? યાર, પુરૂષો કેવા કેવા થાય છે ! પોતાનું સુખ મૂકીને બીજે ઠેકાણે સુખ શોધવા નીકળી જાય છે ! " "ભમરા કહો ભમરા..." સોનલને પણ ચંદુલાલ અને પેલી સ્ત્રી ઉપર દાઝ ચડી. કૈંક વિચારીને થોડી ક્ષણો પછી સંજય બોલ્યો : "સોનલ, મારે શીલાને આશ્વાસન આપવા એનાં મોઢે જવું પડશે એ બિચારી છોકરી મને 'મોટાભાઈ' કહીને જ બોલાવતી હતી. મને દુઃખ થાય છે. એનો શું વાંક ?' "એક કામ કરીએ ? અચાનક સોનલની આંખમાં અનોખી ચમક આવી : "થોડાક દિવસો જવા દઈએ. પછી જઈએ, ત્યાં સુધી એક વાત પાક્કી કરી લઉં." "કઈ વાત ?" સંજયે પૂછયું તો સોનલ મ્હોં મલકાવીને "પછી કહીશ." કરતી રસોડામાં ચાલી ગઈ.

વાર્તા વિશ્વ
**યોગેશ પંડ્યા**

આ વાતને સવા મહિના જેવું થયું કે સોનલે એક દિવસ કહયું : "હવે તમે પેલા બેચરને પૂછી જુઓને કે શીલાબેન નોકરી ઉપર હાજર થઈ ગયા ? અને એક એમનો 'મોબાઈલ નંબર લઈ લેજો.' "સારૂં " કહી સંજય ઓફિસે આવ્યો. બેચર સાથે વાત કર્યા પછી શીલાનો ફોન નંબર મેળવી આવતા બીજા શનિવારની જાહેર રજામાં પોતે સપત્ની આવશે એમ વાત કરી, શનિવારની સવારે બન્ને બાળકોને કહી પોતે અને સોનલ કાર લઈને ગઢપુર જવા નીકળી ગયા. ત્યાં પહોંચ્યા ત્યારે બાર તો વાગી ચૂક્યા હતા. શીલાએ સાદુ ભોજન તૈયાર જ રાખ્યું હતું. ચા - પાણી પી, જે ઘટના ઘટી ગઈ એ વિષે દિલાસો પાઠવી ત્રણેય બેઠા. શીલાની આંખો ભીની હતી પણ તેનું રૂપ, પુરૂષને ઠારે તેવું હતું. અગાઉથી જ પ્રિ-પ્લાન કરી સંજય સાથે ચર્ચા વિચારણા કરીને જમ્યા પછી આ પ્રસ્તાવ મૂકવો એવું બેય પતિ-પત્નીએ આંખોથી નક્કી કરી લીધું. ઘરમાં પરી જેવી આઠેક વર્ષની દીકરી પતંગિયા જેમ આમથી તેમ દોડી રહી હતી પણ આ ક્ષણે 'મોટાભાઈ' 'મોટાભાઈ' 'ભાભી...' 'ભાભી' કરતી શીલાનો લાગણીશીલ સ્વભાવ પહેલા જ પરિચયમાં સોનલને છેક સુધી સ્પર્શી ગયો હતો. જમીને ત્રણેય જણા બેઠા કે સંજયે વાતની માંડણી બાંધતા કહ્યું : "શીલા તને મારી નાની બહેન જ સમજુ છું તો મોટાભાઈને નાતે એક શિખામણ પણ આપું છું કે હજી તારી ઉંમર કેટલી ? વધુમાં વધુ પાત્રીસ જેટલી ! સમાજ કંઈ બાકી નથી રાખતો એટલે આજે નહીં તો કાલે પણ મોટાભાઈની એક વાત મામીશ ?..." બોલી સંજય, શીલા આંખોમાં તાકી રહ્યો પછી કહ્યું : "કોઈ સારૂં પાત્ર મળી જાય તો એ દિશામાં વિચારજે... બાકી તો..." એટલું કહી તેણે પત્ની સામે જોયું કે સોનલે વાત ઉપાડી લીધી : "હા, શીલાબેન તમારા ભાઈ સાચું કહે છે અને આજે એક પ્રસ્તાવ પણ મૂકુ છું કે મારો નાનો ભાઈ છે. પાત્રીસ વર્ષની ઉંમર છે. હજી કુંવારો જ છે. વિચારીને કહેજો તો આગળ વધીશું..." "વખત હાથમાં નથી રહેતો... કયારેક અફસોસ થાય, કયારેક દર્દ થાય, કયારેક જાત ઉપર પણ ક્રોધ ઉપજે. વધારે શું કહું ? પણ ઘટના ઘટ્યાના બાર દિવસ પછી શોભના (ચંદુલાલની પ્રેમિકા) ના પતિ અરવિંદ ખરખરે અને દિલસોજી આપવા આવ્યો ત્યારે ભૂલને સ્વીકારતા એમણે કહ્યું કે "કયાંક મારી કે કયાંક તમારી પણ ભૂલ હશે કે આપણાં પાત્રોને આપણે ઓળખી તો ન શક્યા પણ આપણે કયાંક એમને ઓછા પણ પડયા એય જાણી ન શકયા. બાકી એનો તો તમારા ઘરમાં રાત દિ' નો આવરોજાવરો હતો પણ તમેય કાચા પડયા. ચિંતા તો ત્રણેય બાળકોની છે કે એમનું શું થશે ? ખેર, મારી કયાંય ભૂલ લાગતી હોય તો ખરા દિલથી માફી માગુ છું કહીને હાથ જોડીને નીકળી ગયા. હું વિચાર કરતી થઈ ગઈ મોટાભાઈ કે આમાં બાળકોનો શું વાંક ? એમના બે અને મારી આ એક...' થોડે દૂર લેશન કરવા બેઠેલી બેબી તરફ એણે આંગળી ચિંધી .વરસી વાળ્યા પછી વળતો વહેવાર રાખવા હું પણ એક દિવસ અમદાવાદ એમના ઘેર ગઈ ત્યારે તેઓ છોકરાઓને નવડાવી ધોવડાવી તૈયાર કરતા હતા. ગઈ તો તેઓ રાજી થયા કહે કે હવે જમીને જ જવાનું છે અને બાળકો તો ? તેની આંખમાં આંસુ આવી ગયા. એમના દેવ અને દીપ તો મારી પીંકીને જોઈને એવા તો રાજી થઈ ગયા કે જાણે સગ્ગી નાની બેન આવી એમના ઘેર. બાળકોને એકબીજામાં સમાઈ ગયેલા જોયા પછી એમણે મને પૂછયું : આનાથી વિશેષ તમારે હવે શું જોઈએ ? વેણ રાખો તો વ્હાલપને કોઈ નામ આપીએ..." અને પછી સમાજ શું કહેશે તેની તમા રાખ્યા વગર ફકત બાળકોને ખાતર જ મોટાભાઈ..." વાકયને અધ્યાહાર રાખીને નજર નીચે કરીને તે બોલી : "તેર તારીખે શોભનાની વરસી વળાઈ જાય કે પંદરમીએ અમે ફૂલહાર કરી લેવાના છીએ."

જાણે વીજળીનો કડાકો થયો. બોલવા જેવું હવે કશું હતું નહીં. દસ મિનિટ પછી બન્ને ઊભા થઈ ગયા, સંજયથી કારની ચાવી કાઢતા કાઢતા અશોકનો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો શર્ટના ખિસ્સામાંથી બહાર ડોકિયુ કરી ગયો કે સોનલે, ઝાપટ મારીને તેને અંદર સરકાવી દીધો !! ■




ને પછી એ દિવસની સુવર્ણમયી સવાર જાણે કે સોળે કળાએ ખીલી ઊઠી હતી. દામલ અને જ્યોતિ આજે થોડા મોડા ઉઠ્યા હતા. સાડા દસ થયા એટલે બેઉં સંગાથે શાળાએ જવા માટે નીકળ્યા.

કોઈને કહ્યા વગર, કોઈને કશી જ જાણ કર્યા વગર જ્યોતિની જિંદગીનો આ કમળાપુર તાલુકા શાળામાં છેલ્લો દિવસ હતો. એટલે તો આજે તેને આ શાળા કંઈક અલગ અને વિચિત્ર દેખાઈ રહી હતી. અરે...! શાળાનો સમગ્ર સ્ટાફ અને આચાર્ય પણ સાવ અલગ જ દેખાઈ રહ્યા હતા.

જ્યોતિ ખુદ પોતે અને બીજી એક વ્યક્તિ એટલે કે દામલ જ આ ખાનગી વાતથી વાકેફ હતા કે, આવતીકાલથી જ્યોતિ આ શાળામાં કયારેય નહીં દેખાય એટલું જ નહીં પરંતુ દામલનું ઘર છોડીને તે સદાય માટે ચાલી જવાની હતી. અરે બાને પણ આ વાતની ગંધ આવે નહીં એટલે તો તેની ગેરહાજરીમાં જ તે અહીંથી જવાની હતી. રોજની જેમ શાળાનો સમય પૂરો થયો. દામલ અને જ્યોતિ ઘર તરફ ચાલતાં જતાં હતાં. રસ્તામાં ચાલતાં ચાલતાં જ જ્યોતિએ દામલને કહ્યું :

"ઘરથી શાળા તરફ અને શાળાથી તારા ઘર તરફ આવવા - જવાનો આ રસ્તો, રસ્તાના વળાંક અને ખાડા તેમજ એક એક ખૂણો મને સપનામાં આવશે... દામલ ! બીજું..., આપણે સાથે સાથે પગપાળા ચાલતાં હોઈએ એ દ્રશ્ય તો મને ભુલાશે જ નહીં. શું કરૂં દામલ...? હું મજબૂર છું, ખૂબ જ મજબૂર.. અને મારી મજબૂરીથી તું તો વાકેફ જ છે."

"મારી આટલી જિંદગીમાં મને એક શીખ તો સાચે જ મળી છે : સાચા પ્રેમમાં પડી, દુઃખ અને દર્દ સિવાય બીજું કશું જ મળતું નથી..." દામલ બોલ્યો.

ધારાવાહી નવલકથા
**અમૃત પરમાર**

દામલના આવા શબ્દો સાંભળતાંની સાથે જ્યોતિનું હૈયું સાચે જ ભરાઈ આવ્યું. તેની આંખોમાં ખરેખર આંસુ ટપકવા લાગ્યા. આ જ શબ્દો, આવા જ વાક્યો... તેણે પોતાએ અગાઉ દામલને સંભળાવ્યા હતા. એ ભીની ભીની યાદ અત્યારે જ્યોતિને તાજી થઈ આવી.

ઘર આવ્યું ડેલી ખોલી દામલ - જ્યોતિ અંદર દાખલ થયા. દાખલ થતા વેંત તરત જ દામલે ડેલીને અંદરથી બંધ કરી દીધી. એ જેવો પાછો વળ્યો ત્યાં જ્યોતિ દામલને બથમાં લઈ વળગી પડી ને પછી ધ્રુસકે ધ્રુસકે રડવા જ લાગી. એ સમયે દામલ તો સુનમુન ઊભો રહી જ્યોતિની પીઠ પર માત્ર તેના હાથ ફેરવતો રહ્યો.

છેવટે ઘણું રડી લીધા પછી જ્યોતિની કમર પર હાથ વિંટાળી દામલ ધીમે ધીમે ચાલી ઓસરીના પગથિયાં ચડી ગયો. પછી ત્યાંથી આગળ ચાલી જ્યોતિને તેણે હિંડોળા પર બેસાડી દીધી. પોતે પણ તેની બાજુમાં બેઠો ને પછી જ્યોતિ કંઈ સમજે, કંઈ વિચારે એ પહેલાં તો દામલે જ્યોતિના ખોળામાં તેનું માથું ઢાળી દીધું જ્યોતિ હબકી ગઈ. ત્યાં તો દામલે તેનું અફાટ રૂદન ચાલુ કર્યું. કોઈ દિવસ જ્યોતિએ દામલનું આવું અફાટ રૂદન જોયું ન હતું. ખરેખર દામલે જાણે કે તેનું આખે-આખું હૈયું સાવ નીચોવી નાખ્યું હતું.

ફક્ત પાંચેક મહિનાના ભરપૂર પ્રેમમાં પૂરેપૂરા પાગલ બની ગયેલા બે પ્રેમી પંખી, બે આત્મા... એકબીજાની ચાંચમાં ચાંચ પરોવી... પ્રેમના જગતમાં, પ્રેમના ઈતિહાસમાં જાણે કે સોનેરી અક્ષરે અમર પ્રેમનાં ગીતો, લોહીની સ્યાહીથી રૂદનનાં ગીતો જાણે કે લખી રહ્યા હતા...

આજની રાત જ્યોતિની અહીં.. આ ઘરમાં છેલ્લી હતી. આજની રાત દામલ - જ્યોતિ માટેની કદાચ છેલ્લી સુહાગરાત બની રહેવાની હતી એટલે તો આંખમાંથી ટપકતા આંસુઓને પીતાં પીતાં પણ આવી રંગીન સુહાગરાતને જ્યોતિએ મન ભરીને માણી પીધી હતી.

વહેલી સવારે જ્યોતિ ઊઠી અને પ્રાતઃ કાર્ય પૂરૂં પણ કરી લીધું. પછી તૈયાર થઈને રૂમમાંથી બહાર આવી. ત્યારે દામલ તો ઊંઘ ઉડી જવાથી વહેલો વહેલો તૈયાર થઈને હિંડોળા પર બેઠો હતો. એટલે તો ત્યાં હિંડોળા પાસે જ્યોતિ આવીને ઊભી રહી. તેની નજર દામલ પર સ્થિર જ હતી. જ્યોતિ સાવ જ નજીક આવતા હવે દામલ જેવો ઊભો થયો એ સાથે તરત જ જ્યોતિ વાંકી વળી, દામલના બન્ને પગ પકડી લઈને રડવા લાગી. તેના મોતી જેવા આંસુ દામલના પગ પર કયાંય સુધી પડતાં રહ્યા - છતાં આવી સ્થિતિમાં પણ રડતાં રડતાં તે બોલી : (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# પીએમ મોદીએ ત્રિનિદાદ અને ટોબેગોની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું

પોર્ટ ઓફ સ્પેન,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિનિદાદ અને ટોબેગોની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું છે. આ દરમિયાન, તેમના સંબોધનમાં મોદીએ કહ્યું, 'મને આ પ્રતિષ્ઠિત રેડ હાઉસમાં બોલનાર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાનો ગર્વ છે.' તેમણે કહ્યું, 'આ મહાન રાષ્ટ્રના લોકોએ બે નોંધપાત્ર મહિલા નેતાઓ - રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન - ચૂંટ્યા છે. તેઓ ગર્વથી પોતાને ભારતીય ડાયસ્પોરાની પુત્રીઓ કહે છે. તેઓ તેમના ભારતીય વારસા પર ગર્વ અનુભવે છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આપણા ભારતીયો માટે, લોકશાહી ફક્ત એક રાજકીય મોડેલ નથી, પરંતુ આપણા માટે તે જીવન જીવવાની એક રીત છે. આ સંસદમાં પણ, કેટલાક સભ્યો એવા છે જેમના પૂર્વજો ભારતના બિહાર રાજ્યમાંથી આવ્યા હતા, જે મહાજનપદો - પ્રાચીન




પ્રજાસત્તાકોની ભૂમિ છે.' ત્રિનિદાદ અને ટોબેગોની સંસદના સંયુક્ત સત્રને સંબોધતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'મારે કહેવું જ જોઈએ કે ભારતીયો વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમના સૌથી ઉત્સાહી ચાહકોમાંના એક છે. અમે તેમને પૂરા દિલથી ઉત્સાહિત કરીએ છીએ, સિવાય કે જ્યારે તેઓ ભારત સામે રમી રહ્યા હોય.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું, '૧૮૦ વર્ષ પહેલાં, સમુદ્ર પાર કરીને લાંબી અને મુશ્કેલ મુસાફરી પછી આ ભૂમિ પર પ્રથમ ભારતીયો આવ્યા હતા. ભારતીય ધૂન કેરેબિયન લય સાથે સુંદર રીતે ભળી ગઈ હતી.

# યુપીના સંભલ જિલ્લામાં જાનૈયાની કાર દિવાલ સાથે અથડાતા વરરાજા સહિત ૮ લોકોના મોત

ઉત્તર પ્રદેશ,તા.૫

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો છે. જાનૈયાઓની બોલેરો કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં વરરાજા સહિત આઠ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બારાત બદાયૂં જઈ રહી હતી. આ અકસ્માત જુનાવાઈમાં મેરઠ-બદાયૂં રોડ પર થયો હતો. મૃતકોમાં બે બાળકો પણ સામેલ છે. બારાતીઓની બોલેરો બેકાબૂ



થઈ ગઈ અને ઈન્ટર કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં વરરાજા સૂરજ પાલ સહિત આઠ લોકોના મોત થયા. મૃતકોમાં વરરાજાની બહેન, કાકી, પિતરાઈ ભાઈ અને સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. સંભલના જુનાવાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના હરગોવિંદપુર ગામના રહેવાસી સુખરામ, તેમના પુત્ર સૂરજના લગ્ન બદૌં જિલ્લાના બિલસી વિસ્તારના સિરસૌલ ગામમાં ગોઠવ્યા હતા. બારાતીઓ સિરસૌલ ગામ જઈ રહ્યા હતા. બારાતીઓના ૧૧ વાહનો પહેલાથી જ સિરસૌલ જવા રવાના થઈ ગયા હતા. એક બોલેરો પાછળ રહી ગઈ હતી, જેમાં વરરાજા સહિત ૧૦ લોકો સવાર હતા. રસ્તામાં, બોલેરો જુનાવાઈ સ્થિત જનતા ઈન્ટર કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બોલેરો ફાટી ગઈ હતી.

# કોડીનાર તાલુકાના પીપળી ગામેથી અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

ઉના,તા.૦૫



ગીર સોમનાથ જિલ્લામાં કલેકટર એન.વી. ઉપાધ્યાયની સૂચના મુજબ કોડીનાર તાલુકાના પીપળી ગામે આકસ્મિક તપાસ કરતાં શ્રધ્ધા એન્ટરપ્રાઈઝ નામની ગોડાઉનની જગ્યામાં લૂઝ કટ્ટા મળ્યા હતાં. આ અંગે જરૂરી બિલોની ચકાસણી હાથ ધરતાં બિલ સિવાયનો ૮,૧૦૦ કિ.ગ્રા ઘઉંનો જથ્થો, ૬,૧૦૦ કિ.ગ્રા. ચોખાનો જથ્થો મળી આવ્યો હતો. જેની કુલ કિંમત રૂ.૩,૯૧,૫૦૦ થાય છે. આ આવશ્યક ચીજ-વસ્તુનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરીને કોડીનારના પુરવઠા ગોડાઉન ખાતે સોંપવામાં આવેલ છે.

# હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદે તબાહી મચાવી, બે અઠવાડિયામાં ૪૫ લોકોના મોત

શિમલા,તા.૫

દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. છેલ્લા બે અઠવાડિયામાં, હિમાચલ પ્રદેશમાં વરસાદને કારણે ૪૩ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્ય ૩૭ ગુમ છે. ગુરુવારે, ઉત્તરાખંડના ભીમતાલમાં એક તળાવમાં ભારતીય વાયુસેનાના બે જવાનો ડૂબી ગયા હતા. ઓડિશાની રાજધાની ભુવનેશ્વરના



લોકોને પણ ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ડ્રેનેજ સિસ્ટમ તૂટી જવાને કારણે, ભુવનેશ્વર મ્યુનિસિપલ કોર્પોરેશનને વરસાદી પાણીનો નિકાલ કરવા માટે સખત મહેનત કરવી પડી હતી. હિમાચલ પ્રદેશમાં ૨૦ જૂને ચોમાસાએ દસ્તક આપી હતી અને વાદળ ફાટવા, અચાનક પૂર અને ભૂસ્ખલનને કારણે રાજ્યને અત્યાર સુધીમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. રાજ્યમાં ૪૩ લોકોમાંથી ૧૪ લોકો વાદળ ફાટવાથી, આઠ અચાનક પૂરમાં અને એક ભૂસ્ખલનમાં મૃત્યુ પામ્યા હતા, જ્યારે સાત લોકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા.

# દિલ્હીમાં જૂના વાહનોના ભાવમાં ૫૦% સુધીનો ઘટાડો નોંધાયો

નવીદિલ્હી,તા.૫

રાજધાનીના વેપારીઓ દાવો કરે છે કે જૂના વાહનો પર કાર્યવાહીને કારણે તેમની કિંમતોમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને ઓટોમોબાઈલ ઉદ્યોગપતિ બ્રિજેશ ગોયલે જણાવ્યું હતું કે આ ઝુંબેશની સીધી અસર લગભગ ૬૦ લાખ વાહનો પર પડી છે. આના કારણે કારના વેપારમાં ભારે ઘટાડો થયો છે. તેમની કિંમતો ઝડપથી ઘટી છે. પાંચ દિવસમાં, જૂની કારના ભાવમાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો થયો છે. વય મર્યાદા વટાવી ગયેલા વાહનો પર કાર્યવાહીને કારણે પેટ્રોલ પંપ પર અંધાધૂંધી છે. જૂની કાર દિલ્હીથી પંજાબ, રાજસ્થાન, યુપી, બિહાર, તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને અન્ય રાજ્યોમાં જાય છે. કરોલ બાગ, પ્રીત વિહાર, પીતમપુરા, મોતી નગર અને અન્ય વિસ્તારોમાં એક હજારથી વધુ વેપારીઓ જૂની કાર ખરીદે છે.

# મહારાષ્ટ્રમાં ઉદ્ધવ અને રાજ ઠાકરે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સાથે લડશે: સંજય રાઉત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રના રાજકારણ સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષોથી એકબીજાથી દૂર રહેલા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક સાથે આવી ગયા છે. ૨૦ વર્ષ પછી, બંને ભાઈઓએ સાથે સ્ટેજ શેર કર્યું છે. હવે સમાચાર એ છે કે બંને ભાઈઓના પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સાથે મળીને લડશે. શિવસેનાના નેતા સંજય




રાઉતે પોતે આ નિવેદન આપ્યું છે. મુંબઈમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની સંયુક્ત રેલી પછી, શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું, 'આ જોયા પછી, શું તમને લાગે છે કે ભાજપ કાયદેસર રીતે જીત્યો છે. દરેકને લાગે છે કે તેઓ અન્યાયી રીતે જીત્યા છે. અલબત્ત, બંને પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સાથે મળીને લડશે.' આજનો દિવસ મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વપૂર્ણ છે. જ્યારે વીસ વર્ષથી એકબીજાથી અંતર રાખનારા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે આજે એક જ મંચ પર સાથે જોવા મળ્યા હતા. વાસ્તવમાં, બંને ભાઈઓએ રાજ્ય સરકારની ત્રિભાષા નીતિના વિરોધમાં આજે રેલીનું એલાન કર્યું હતું,

# અમરનાથ યાત્રાળુઓને લઈ જતી ચાર બસ અથડતા ૩૬ મુસાફરો ઈજાગ્રસ્ત

પહેલગામ,તા.૦૫

અમરનાથ યાત્રાળુઓને લઈ જઈ રહેલા કાફલાની ચાર બસો અથડાઈ હતી. પહેલગામ રૂટ પર રામબન જિલ્લાના ચંદ્રકોટ લંગર પાસે થયેલા આ અકસ્માતમાં લગભગ ૩૬ મુસાફરો ઘાયલ થયા હતા. બ્રેક ફેલ થવાને કારણે બસના ડ્રાઈવરે કાબુ ગુમાવતા આ અકસ્માત થયો હતો. જેના કારણે




કાફલામાં રહેલી ત્રણ વધુ બસો એકબીજા સાથે અથડાઈ હતી. સમાચાર મળતા જ બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઘાયલ યાત્રાળુઓને સારવાર માટે જિલ્લા હોસ્પિટલ રામબન લઈ જવામાં આવ્યા હતા. બાકીના મુસાફરોને અન્ય વાહનોમાં પહેલગામ ખસેડવામાં આવ્યા હતા. આ પહેલા, ભારે વરસાદ છતાં, શનિવારે ભગવતી નગર બેઝ કેમ્પથી ૬,૯૦૦ યાત્રાળુઓનું એક નવું ગ્રુપ રવાના થયું હતું. આ ગ્રુપમાં ૫૧૯૬ પુરુષો, ૧૪૨૭ મહિલાઓ, ૨૪ બાળકો, ૩૩૧ સાધુ-સાધ્વી અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.

# અમેરિકાના ટેક્સાસમાં ભારે પૂરથી તબાહી, ૧૩ લોકોના મોત

ટેક્સાસ,તા.૦૫

અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં ભારે વરસાદને કારણે ગુઆડાલુપ નદીમાં પૂર આવતા ૧૩ લોકોના મોત થયા છે અને ૨૦ યુવતીઓ ગુમ થઈ ગઈ છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, બચાવ ટીમો હજુ પણ ગુમ થયેલા લોકોને શોધી રહી છે. ટેક્સાસના કેરવિલે કાઉન્ટીના શેરિફ લેરી લેથાએ કહ્યું - અમને ખબર નથી કે



વરસાદ ક્યારે બંધ થશે. મને લાગે છે કે તે સમાપ્ત થાય ત્યાં સુધીમાં મૃત્યુઆંક વધુ વધશે. કેરવિલે નજીક આવેલ છોકરીઓનો સમર કેમ્પ, કેમ્પ મિસ્ટિક સંપૂર્ણપણે પાણીથી ભરાઈ ગયો હતો. ટેક્સાસના લેફ્ટનન્ટ ગવર્નર ડેન પેટ્રિકે જણાવ્યું હતું કે કેમ્પમાં રહેલા ૭૦૦ બાળકોમાંથી મોટાભાગના બાળકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

# જાપાનના ટોકારા ટાપુઓમાં ૧૦૦૦થી વધુ ભૂકંપના આંચકા

ટોકિયો,તા.૦૫

જાપાન હવામાન એજન્સી (JMA) અનુસાર, ટોકારા ટાપુઓ ક્યુશુની દક્ષિણે પેસિફિક રિંગ ઓફ ફાયરની અંદર અનેક ટેક્ટોનિક પ્લેટોના જંક્શન આવેલા છે. ૨૧મી જૂનથી ત્રીજી જુલાઈ દરમિયાન ૧,૦૦૦થી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા છે. આમાંના ઘણાં ભૂકંપ જાપાની સ્કેલ પર ૧ કે તેથી વધુ તીવ્રતાના હતા. ત્રીજી જુલાઈના રોજ ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર કાગોશિમા પ્રીફેક્ચરમાં ટોકારા ટાપુના કિનારે લગભગ ૨૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. નોંધનીય છે કે, આ ભૂકંપના કારણે સુનામીની કોઈ ચેતવણી નથી અને કોઈ મોટું નુકસાન થયું નથી, પરંતુ ભૂકંપના સતત આંચકાઓથી સ્થાનિક લોકોમાં ડર છે.

# આજે અમરેલીમાં નવનિયુક્ત સરપંચોનો સન્માન સમારોહ યોજાશે

**સરપંચોને રાજ્ય સરકારની ગ્રામ વિકાસ તથા લોકહિતની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાશે**


અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા તાજેતરમાં ચૂંટાયેલા ૧૧૫ સરપંચોનું સન્માન કરવામાં આવશે. આ સમારોહ આજે ૬ જુલાઈ, રવિવારના રોજ શ્યામ વાડી, લીલીયા રોડ, અમરેલી ખાતે યોજાશે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરીયા, પ્રદેશ ભાજપ મંત્રી મહેશભાઈ કસવાલા, ધારાસભ્યો જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી અને જનકભાઈ તળાવીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ સન્માન સમારોહમાં નવા ચૂંટાયેલા સરપંચોને રાષ્ટ્ર અને રાજ્ય સરકારની ગ્રામ વિકાસ તથા લોકહિતની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે, તેમ જિલ્લા ભાજપની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વેરાવળમાં તાજીયા તહેવાર પૂર્વે વેરાવળ સિટી પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ અને પેટ્રોલિંગ

ઉના,તા.૦૫

આગામી મોહરમ/તાજીયા તહેવારને ધ્યાનમાં રાખીને વેરાવળ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે વેરાવળ સિટી પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ અને પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વેરાવળ સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.



ગોસ્વામી, સર્વેલન્સ પોલીસ સ્ટાફના પો.સબ.ઈન્સ. આર. આર. રાયજાદા, કે.એન. મુછાળ, જી.એન. કાછડ, એસ.ઓ.જી. શાખાના પો. સબ.ઈન્સ. એન.એ. વાઘેલા તથા સ્ટાફ અને વેરાવળ સિટી પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા વેરાવળ શહેરના મુખ્ય માર્ગો પર ફ્લેગમાર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આગામી તહેવાર સબબ તકેદારી રાખવા માટે સમગ્ર સ્ટાફને બ્રીફિંગ પણ કરવામાં આવ્યું હતું.

આ પહેલથી શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તેવો પોલીસ વિભાગનો આશય છે.

# સુરતમાં ૧૧૭મા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં ચિંતકોએ ખુશી વિષયક વિચારો રજૂ કર્યા

સુરત,તા.૦૫

સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા દર ગુરૂવારે હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી ચિંતકો દ્વારા વિચારો વ્યક્ત કરવામાં આવે છે. જેમાં વરાછા બેંક ઓડીટોરીયમ ખાતે યોજાયેલા ૧૧૭મા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં કેળવણીકાર ડો. પરેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, ખુશી સુખનો ખજાનો છે. પરંતુ ખુશીનો કોઈ માર્ગ નથી. ખુશી ખુદ માર્ગ



છે. ખુશ રહેવું તે કોઈ મંજીલ નથી તે તો એક સફર છે. ખુશી બહારથી નથી મળતી, ખુશી તો જીવવી પડે છે. મન એ ખુશીઓનું કલ્પવૃક્ષ છે તે માટે સમજણ રોપવી જરૂરી છે. આર્ટ ઓફ લિવિંગના ઈન્ટરનેશનલ ફેકલ્ટી દિનેશભાઈ ચૌધરીએ રોજિંદા જીવનમાં ખુશી અંગે જણાવ્યું હતું કે, આપણો મૂળભૂત સ્વભાવ ખુશી છે. જીવનના દરેક પડાવનું અંતિમ લક્ષ ખુશી હોય છે. આપણે હંમેશા લક્ષમાં ખુશી શોધીએ છીએ. પરિણામે લક્ષ મેળવવા માટે ખુશીને પાછળ ધકેલતા જઈએ છીએ. જયારે પણ ઊર્જાનું સ્તર નીચું હોય છે ત્યારે હંમેશા આપણે નકારાત્મક વિચારોથી ઘેરાયેલા હોઈએ છીએ. જે ખુશી આપી શકતા નથી. પરંતુ જો ઊર્જાનું સ્તર ઊંચું હોય ત્યારે હંમેશા સકારાત્મક વિચારો અને લાગણીઓ મળે છે.

# સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા બાદ ચોટીલા પીઆઈ સહિત ૫ પોલીસકર્મી સસ્પેન્ડ

ચોટીલા,તા.૦૫

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ચોટીલા તાલુકાના ખેરડી ગામમાં મોટી કાર્યવાહી કરી છે. ટીમે ૮૫૯૬ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે. આ દારૂની કિંમત રૂ. ૧.૧૯ કરોડ છે. સાથે રૂ. ૭ લાખની એક ગાડી પણ જપ્ત કરવામાં આવી છે. મુખ્ય આરોપી દિલીપ બાવકુ ધાંધલ (રહે. નાની મોલડી, તા. ચોટીલા) છે. અન્ય આરોપીઓમાં મહિન્દ્રા પિકઅપ ગાડીનો ડ્રાઈવર, ગાડી માલિક અને દિલીપ ધાંધલના છ અજાણ્યા સાથીઓનો સમાવેશ થાય છે. આ ઘટના બાદ જિલ્લા પોલીસ વડા ગીરીશ પંડ્યાએ મોટી કાર્યવાહી કરી છે. તેમણે ચોટીલા PI આઈ.બી. વલવી સહિત પાંચ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા છે.

# મહુવામાં જમાઈ બન્યો જમ: સાસુ-સસરાની છરીના ઘા ઝીંકી હત્યા કરી

**સાસુ-સસરાની હત્યા કર્યા બાદ આરોપી જમાઈ ફરાર**


ભાવનગર,તા.૫

મહુવામાંથી ડબલ મર્ડર કેસની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના ખારઝાપા વિસ્તારમાં રહેતા પતિ-પત્નીની ઘાતકી હત્યા કરવામાં આવી છે. જેની જાણ થતા પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો અને મૃતકોના દેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. બીજી તરફ હત્યા બાદથી આરોપી જમાઈ ફરાર છે. તેથી તેણે જ આ હત્યાને અંજામ આપ્યો હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે. પોલીસે હાલ આ મામલે ફરાર જમાઈને પકડવાની દિશામાં તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના મહુવા શહેરના ખારઝાપા વિસ્તારમાં આવેલી દેવી ભવન શાળા નજીક બની હતી. જ્યાં રહેતા રમેશભાઈ વીરાભાઈ ડોળાશીયા (ઉંમર ૪૫ વર્ષ) અને તેમની પત્ની ભારતીબેન રમેશભાઈ ડોળાશીયા (ઉંમર ૪૦ વર્ષ)ની ઘરમાં જ ઘૂસીને નિર્મમ હત્યા કરાઈ છે. આ ખોફનાક ઘટનાને તેમના સગા જમાઈએ જ અંજામ આપ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હત્યા બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. બીજી તરફ ફરાર આરોપી જમાઈને પકડવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે પ્રાથમિક તપાસમાં હત્યાનું ચોંકાવનારુ કારણ જાણવા મળ્યું છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપી જમાઈ અને તેની પત્ની એટલે કે મૃતક સાસુ-સસરાની દીકરીને ૩ સંતાનો છે. આ ૩ સંતાનો હોવા છતાં પત્નીએ અન્ય યુવક સાથે બીજા લગ્ન કર્યા હતા. જે વાતને લઈને આ જમાઈ તેના સાસુ-સસરા સાથે અવાર-નવાર ઝઘડો કરતો હતો. દરમિયાન ગઈકાલે સાંજના સમયે જમાઈએ સાસુ-સસરાના ઘરમાં ઘૂસીને તીક્ષ્ણ હથિયાર વડે મોતને ઘાટ ઉતારી દીધા હતા અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

# સહકાર મંત્રી અમિત શાહના હસ્તે ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન

આણંદ,તા.૫



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે છે. આણંદમાં અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સ્તરની ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ થયો છે. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે. સહકાર મંત્રાલયની સ્થાપનાને ૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમને જણાવ્યું કે મોદી સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે.

જેના પગલે હવે અનેક નવી ડેરીઓ બની રહી છે. સહકારના માધ્યમથી ખેડૂતોની આવક વધશે. અમિત શાહે દેશની સૌ પ્રથમ સહકાર યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવાની સાથે જાહેરાત કરી કે આ યુનિવર્સિટીમાં અનેક નવા પ્રકારના કોર્સ શરુ થશે. ૧ વર્ષમાં કુલ ૬ નવા કોર્સ શરુ કરવાનું આયોજન છે. આ યુનિવર્સિટીમાંથી પાસ થનાર વિદ્યાર્થીને જ નોકરી મળશે તેવું પણ તેમણે જણાવ્યું હતું. આ સાથે અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે આ યુનિવર્સિટીને ત્રિભોવનદાસ નામ આપવા મુદ્દે કોંગ્રેસે વિરોધ કર્યો હતો.

વિરોધ કરનારને ખબર નહોતી કે ત્રિભોવનદાસ કોંગ્રેસના જ નેતા હતા.

# ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાની પાસા હેઠળ અટકાયત કરવામાં આવી

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૫




રાજકોટમાં ક્ષત્રિય સમાજના અગ્રણી નેતા અને ચૂંટણી દરમિયાન આંદોલનને મજબૂતી આપનાર પી.ટી. જાડેજાની ધરપકડના સમાચારે રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. તાલુકા પોલીસ દ્વારા પી.ટી. જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટ હેઠળ સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યા છે. આ ઘટના બાદ ક્ષત્રિય સમાજના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા, જેના કારણે રાજકોટમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. માહિતી અનુસાર, પી.ટી. જાડેજા દ્વારા બે દિવસ અગાઉ રાજકોટના અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી ન કરવા માટે ધમકી આપવામાં આવી હતી. આ ધમકીને ગંભીર ગુનો ગણીને તાલુકા પોલીસે તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના ઉપરાંત, ચૂંટણી દરમિયાન ક્ષત્રિય સમાજના આંદોલનમાં જાડેજાની સક્રિય ભૂમિકા અને સામાજિક-રાજકીય ગતિવિધિઓ પણ તેમની ધરપકડનું એક કારણ હોવાનું મનાય છે.













**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**

સંજોગ ન્યુઝમાં ઈન ડીઝાઈન, ફોટોશોપ, કોરલ-ડ્રોમાં કામ કરી શકે તેવા કોમ્પ્યુટર ઓપરેટર મેલ / ફીમેલ ઓપરેટર જોઈએ છે.

**સંપર્ક : મો. ૯૮૭૯૩ ૭૪૬૦૧**

